


# અધ્યાત્મ

વર્ષ-૪ અંક-૧૨ સપ્ટેમ્બર-૧૯૮૩

## નવા નોંધાયેલ આજીવન સભ્યો

અધ્યાત્મના વાંચકોમાંથી સદ્‌ભાવથી પ્રેરાઈ આજીવન સભ્યો થતા રહે છે. છેલ્લે નોંધાયેલ નવા આજીવન સભ્યો નીચે પ્રમાણે છેઃ–

૩૨૭ શ્રી મોહનભાઇ બી. ત્રિવેદી, અમદાવાદ. રૂા. ૨૫૧
૩૨૮ શ્રી ભીમજીભાઇ મગનભાઇ પટેલ, પાલનપુર. ,, ૨૫૧
૩૨૯ શ્રી મનોરમાબેન ચંપકલાલ કંસારા, વડોદરા. ,, ૨૫૧
૩૩૦ શ્રી મો. ક. પટેલ હાઇસ્કુલ, મઢી. ,, ૨૫૧
(સ્વ. શાંતાબેન દુર્લભજીભાઈ ભકતના સ્મરણાર્થે શ્રી દુર્લભજીભાઇ પરસોત્તમભાઇ ભકત, સ્યાદલા તરફથી)
૩૩૧ શ્રી જમનાદાસ દયાળજી ઠક્કર, મુંબઈ. ,, ૨૫૧
૩૩૨ શ્રી અમૃતલાલ ગણપતભાઇ પટેલ, અમદાવાદ. ,, ૨૫૧

### સહાયક પેટ્રન

સુરત ધ્યાન કેન્દ્રના ઉત્સાહી કાર્યકર શ્રી રમેશભાઇ જગુભાઇ પટેલ, સુરત, અધ્યાત્મના આજીવન સભ્ય તો હતા. પરંતુ તેઓ બીજા રૂા. ૨૫૦– આપીને સહાયક પેટ્રન થયા છે. અધ્યાત્મને આ રીતે મદદરૂપ થવાની તેમની ભાવના ખરેખર પ્રશસ્ય છે. શ્રી રમેશભાઇને અભિનંદન.

સુરત કેન્દ્રમાં ગ્રાહકો નોંધવામાં પણ શ્રી રમેશભાઇનો ફાળો આગળ પડતો છે.



શ્રી યોગેશ્વરજી

## આવોને મંદિરયે

આવોને આજે મંદિરયે,
શ્યામલ ગિરિધારી !

પ્રભુપ્રેમની માળા અર્પી,
સ્વાગત કર્યું સર્વ સમર્પી,
મારા જીવનવન વનમાળી રે. શ્યામલ.

શ્રદ્ધાનો દીપ જલાવી,
ભક્તિની ભરતી જગાડી,
સ્નેહભીની સાદડી ઢાળી રે. શ્યામલ.

પરભવની પ્રીત જગાડી,
બડભાગી મસ્ત બનાવી,
મારા જનમજનમના સાથી રે. શ્યામલ.

—સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૧૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાકે
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
પૂજ્ય શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :**
'અધ્યાત્મ' પ્લૉટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| નમો અરિહંતાણુમ્ | યોગેશ્વરજી | ૩ |
| પાંચમે વર્ષે | નારાયણ જાની | ૬ |
| પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી મારી દૃષ્ટિએ | રા. પ્રે. પુરોહિત | ૮ |
| " ભક્ત પુરંદરદાસજી " | ઇશ્વરભાઈ શાહ | ૧૦ |
| સૂરજ ઉગવાનો | ડૉ. રણુજીત પટેલ | ૧૫ |
| બસ એજ માગી લેશું | કમળાબેન ઠક્કર | ૧૬ |
| પંદરમી ઓગસ્ટ | ડૉ. ઘનશ્યામ દેસાઇ | ૧૭ |
| ભારતીય સંસ્કૃતિનો મર્મ | યોગેશ્વરજી | ૨૦ |
| પરદેશના બે પ્રેરણાત્મક પત્રો | સુરેશભાઈ પરીખ | ૨૪ |
| આત્મા–પરમાત્માની વ્યાપ્તિ | ડૉ. અશ્વિનભાઈ પટેલ | ૨૯ |
| ચલો ચરણુ... | ઈશ્વિરભાઈ પટેલ | ૩૫ |
| મહાયોગી અરવિંદની અમરકૃતિ સાવિત્રી | આશા ત્રિવેદી | ૩૬ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૪૧ |
| શ્રીરામકૃષ્ણુ પરમહંસનાં સાધના વિષે મંતવ્યો | નારાયણ જાની | ૪૫ |
| પ્રકાશના પંથે | દીપક મહેતા | ૪૯ |
| સંતો સદાય ગંગા જેવા પરમ હિતકારી છે | શ્રીભાગવતાનંદ સરસ્વતી | ૫૪ |
| ખેડુતકોમમાં જન્મેલા આત્મદર્શી સંત શ્રી રામજી મહાત્મા | જેસંગભાઈ હરિભાઇ | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**–સર્વેશ્વરી**

વર્ષ : ૪ સપ્ટેમ્બર-૧૯૮૩ અંક : ૧૨


## નમો અરિહંતાણુમ્

સંસારમાં માણુસના સાચા શત્રુ કોણુ છે? માણુસ મોટે ભાગે બહારના બીજા માનવોને પોતાના શત્રુ સમજે છે. કેટલેક અંશે એ સમજણુ સાચી પણુ હોઈ શકે છે. પરંતુ સ્વાનુભવ સંપન્ન સત્પુરુષો અને શાસ્ત્રો કહે છે કે માણુસના સાચા શત્રુ બહાર નથી, પરંતુ અંદર છે. એનું પોતાનું મન મિત્રનું કામ કરે છે અને અમિત્ર અથવા શત્રુની ગરજ પણુ સારે છે. મનને જો જીતવામાં આવે છે તો તે મિત્ર બનીને શુખશાંતિ આપે છે, પ્રસન્નતા પહોંચાડે છે, અને આત્મોન્નતિના મંગલમય માર્ગમાં મદદરૂપ બને છે કે માર્ગદર્શક ઠરે છે. પરંતુ જો એને વશ કરવામાં નથી આવતું અને પોતાની ઉપર શાસન કરવા દેવામાં આવે છે તો એ અંતરાયરૂપ બને છે, અશાંત કરે છે, અને અભ્યુત્થાનને બદલે અધઃપતનનું કારણુ થઇ પડે છે. એવી રીતે એ સન્મિત્રને બદલે શત્રુનું કાર્ય કરે છે. મન જ્યારે ઉત્તમ ભાવો, વિચારો, સંસ્કારોથી સંપન્ન બને છે ત્યારે જીવન વિકાસનો, જીવનના અસલ આનંદનો, માર્ગ મોકળો બને છે. પરંતુ મનમાં અશુભ ભાવો, વિકૃત વિચારો, કુસંસ્કારોના ચક્રો, ચાલુ થાય છે, ત્યારે એ અસ્વસ્થ બને છે, અસ્વસ્થ બનાવે છે,

અને અધઃપતન આણે છે, એની અંદર રહેલી દુર્વાસનાઓ, એના દુર્વિચારો, કામ, ક્રોધ, લોભ, મોહાદિ દુર્ગુણો અને વિષયવતી વૃત્તિ એના સાચા શત્રુનું કામ કરે છે

એ શત્રુઓને જીતવાનું કામ સહેલું ના હોવા છતાં પ્રયત્ન સાધ્ય છે. એને માટે સતત પ્રામાણિક પુરુષાર્થની આવશ્યકતા હોય છે, બહારના શત્રુઓને જીતવાનું કામ પ્રમાણસાં સહેલું છે, પરંતુ અંદરના એ શત્રુઓને જીતવાનું કામ એટલું બધું સહેલું નથી હોતું. પાવક પર પથારી કરી શકાય, પવન પ્રાશન કરીને રહી શકાય, પાણી પર ચાલી શકાય, અવકાશમાં ગતિ કરી શકાય, તો પણ પોતાની જાતને જીતવાનું, વીતરાગ બનવાનું, કષાયોમાંથી મુક્તિ મેળવવાનું સહેલું નથી હોતું. એટલે જ. કહેવામાં આવે છે કે જેણે મન જીત્યું તેણે જગ જીત્યું. જે પોતાની જાતનો બાદશાહ બને છે તેને બીજી કોઈ જ ખાસ બાદશાહતની આવશ્યકતા નથી રહેતી. એ મહાવીર બને છે. સાચા અર્થમાં સુખશાંતિ મેળવે છે.

એવા મહાવીરને, કષાયોમાંથી મુક્તિ મેળવનારા, અંદરના શત્રુઓને જીતનારા, મહાનુભાવોને અરિહંત કહેવામાં આવે છે. એ સૌને માટે વંદનીય છે. એમને વંદન કરવાથી પ્રેરણા મળે છે, શુભાશીર્વાદ સાંપડે છે. એમને પગલે ચાલીને જીવનને ઉજાળવાનું બળ જડે છે. એટલા માટે જ કહ્યું છે કે નમો અરિહંતાણમ. એવા અરિને હણનારને નમસ્કાર.

આપણે એવા અરિહંત થઈએ તો કેટલું સારું ! માનવજીવનની સાચી આવશ્યકતા કે સાર્થકતા એવી ઉત્તરોત્તર આત્મોન્નતિને સાધવામાં જ સમાયેલી છે.

અરિહંત પદે પહોંચવા માટે કોઇ વિશેષ ધર્માલંબનની, પંથ-ગ્રહણની આવશ્યકતા નથી હોતી. અરિહંતપથ કોઈ ધર્મ વિશેષનો



ઇજારો નથી. ગમે તે ધર્મ, સંપ્રદાય, પંથ કે મતમતાંતરમાં માનનાર માનવ જીવનવિકાસના પ્રામાણિક પુરુષાર્થનો આધાર લઇને અરિહંત બની શકે છે આત્મદર્શી થઈ શકે છે. એ પદ માનવમાત્રને માટે ઉઘાડું છે. આત્મિક સ્વતંત્રતા, આત્મોન્નતિ, આત્મદર્શન, માનવમાત્રનો જન્મસિદ્ધ અધિકાર છે. એ અધિકાર એને વારસામાં મળેલો છે, એણે એને કર્મસિદ્ધ કરવાનો છે એટલું જ. એને કર્મદ્વારા અનુભવ સિદ્ધ બનાવવાનો છે. અરિહંતપદે પહોંચવા કે પ્રતિષ્ઠિત બનવા માટે જ્ઞાતિ, વય કે દેશકાળના બાહ્ય ભેદભાવ વિના કોઇએ માનવ આત્મોન્નતિનો આધાર લઈને ત્યાં પહોંચી શકે છે. કોઈપણ દેશમાં ને કોઈપણ કાળે પહોંચી શકે છે. એવા અરિહંતો સઘળા ધર્મોમાં, દેશોમાં, વર્ણોમાં, સઘળા કાળ દરમિયાન. વધારે ને વધારે પ્રમાણમાં પેદા થાય અને અન્યને પ્રેરણા પાય એ ઈચ્છવાજેવું છે.

યોગેશ્વરજી

---

## સુધારો

ઓગસ્ટ, ૮૩ના અંકમાં "અધ્યાત્મ અંગે સૂચના" વાળા લખાણમાં ઓકટો. ૮૪ને બદલે ઓકટો. ૮૩ વાંચવું.

તેમજ "શ્રી. ટી. જી." ને બદલે "શ્રી. ટી. જી. ભટ્ટ" વાંચવું. છાપવામાં ભટ્ટ શબ્દના ટાઇપો નીકળી ગયા લાગે છે.

# પાંચમે વર્ષે

નારાયણ હ. જાની તંત્રી

અધ્યાત્મ માસિક સપ્ટે. ૧૯૮૩માં ચાર વર્ષ પૂરાં કરી, પાંચમા વર્ષમાં પ્રવેશે છે. અધ્યાત્મના પ્રારંભનાં આ ચાર વર્ષો દરમ્યાન તેણે સાધક ભાઇબહેનોને યથાશકિત આધ્યાત્મિક ક્ષેત્રમાં સહાય અને ધર્મની યથાર્થ સમજ પહોંચાડવા પ્રયાસ કર્યો છે. તેમાં સૌથી મોટું પ્રદાન પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું છે. એનો ઋણ સ્વીકાર કરવો જ રહ્યો. એમની સક્રિય દોરવણી અને સહાય વગર આજના સમયમાં માસિક ચલાવવું ઘણું જ મુશ્કેલ બની જાત.

પ. પૂ. શ્રી તેમજ પરમ પૂ માશ્રી સર્વેશ્વરીનો જે ચાહક સાધક વર્ગ છે, તેમની હૂંફ અને સદ્ભાવપૂર્વકની સહાયથી જ આ ચાર વર્ષો અમે પસાર કરી શકયા છીએ. એટલે એ સહુ ગ્રાહક ભાઇબહેનોનો પણ આભાર માનું એટલો ઓછો છે

મારા સાથી મિત્રો તેમજ અન્ય શુભેચ્છકો-જેવા કે શ્રી જે. વી. શાહ, શ્રી બાબુભાઇ વોરા વગેરે માસિકને સારૂં બનાવવાનાં સતત સૂચનો કરતા રહે છે ને તેમાં સક્રિય સહાય પહોંચાડે છે, તેથી અમારૂં કામ હળવું બને છે.

ગ્રાહકોની નોંધણીમાં અમારા ધ્યાન કેન્દ્રોના સંચાલક ભાઈબહેનો તેમજ બીજા સાધકો પાયાના પત્થરસમાન કામ કરી રહ્યા છે. એ સહુ અભિનંદનના અધિકારી છે. આ વર્ષે આપણે ભારતમાં ૩૦૦૦ જેટલા તેમજ પરદેશના ૨૦૦ જેટલા



ગ્રાહકો નોંધવાનું લક્ષ્યાંક રાખ્યું છે. તેમાં સહુ ભાઈઓ સહાયક બનશે એવી અમારી અપેક્ષા છે.

છેલ્લા એક વર્ષમાં કાગળો, ટપાલ તેમજ પ્રિન્ટીંગ ખર્ચમાં કુલ ૨૫ ટકા કરતાં વધુ ભાવ વધારો થયો છે. આમ છતાં આપણે માત્ર વાર્ષિક રૂા. ૧૫/-ના લવાજમમાં જ અધ્યાત્મ આપવા પ્રયાસ કરીએ છીએ, તેમાં સહુ સાધકો ત્રણ રીતે મદદરૂપ થઈ શકેઃ–સદ્ભાવભરી ભેટ આપીને, ગ્રાહકો વધુ નોંધવાના કાર્યમાં સહાયક થઇને તેમજ પોતાના પરિચિતોમાંથી શકય તેટલી જાહેરખબરો અપાવીને. પચ્ચીસ કે તેથી વધુ ગ્રાહકો નોંધી આપનારને એક વર્ષ સુધી અધ્યાત્મ ફ્રી આપવાનો નિર્ણય સુરત શિબિરમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી એ કરેલ છે. તેનો અમલ ઓકટો. ૮૩થી કરવામાં આવશે.

માસિકનું પ્રકાશન કામ કેટલું જટિલ છે એ તો ચલાવે તેજ જાણે. રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસના અધ્યાત્મ પ્રેમી તેમજ ભાવનાશાળી ત્રણેય ભાઇઓની ઉપરાંત પ્રેસની બહેનોના સાથ સહકાર વગર કદાચ અમે માસિક પ્રકાશન ચાલુ રાખી શકયા ન હોત. આ કાર્યને તેઓ પોતાનું જ માની સર્વ પ્રકારે સહાયભૂત થવા હંમેશ તત્પર રહે છે, એ આજના અર્થયુગમાં ન માની શકાય એવી વાત છે.

અન્તમાં મારા કામનો બોજો હળવો કરવા શ્રી ભાઈલાલભાઇ છાટબાર, શ્રી બાલુભાઇ જામ્બુચા, ડૉ. શ્રી ઘનશ્યામભાઇ દેસાઈ અને વિઠ્ઠલભાઈ ગોહિલ હંમેશાં યથાશકિત ફાળો આપતા જ રહે છે, તેમને હું કેમ ભૂલી શકું ?

# પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી મારી દૃષ્ટિએ

રા. પ્રે પુરોહિત

પ. પૂ શ્રી યોગેશ્વરજી વિશ્વની એક અજાયબી છે. તેમના જેવા નિઃસ્વાર્થ પ્રેમી અને પથપ્રદર્શક મેં જોયા નથી. તે એક એવું લોહચુંબક છે કે તેની નજીક આવ્યા તો મુવા ! કમને પણ ખેંચાવું પડે. બધાનાં છતાં કોઈના નહીં, અને નજીક છતાં દૂર, દૂર છતાંય નજીક રહેતા યોગેશ્વરજી પૂરા નિજાનંદી અને પોતાને યોગ્ય લાગે તે જ કરનારા છે. તેમનું અવતાર કાર્ય એક આદર્શ માનવને પોતાના જીવન દ્વારા રજુ કરવાનું છે, તેમ મને લાગે છે. જીવનની ચરમ સીમા પર પહોંચ્યા છતાં સાવ સામાન્ય નર્યા માણસ રહેવું એ જોઈ મૂંઝાઈ જવાય છે. એક ન ઉકેલી શકાય તેવો એ કોયડો છે.

"લૂંટાય તેટલા લૂંટી લો, ઉલેચાય તેટલું ઉલેચી લો તોપણ જરાય ઓછું ન થાય. બહારથી કઠોર અને અંદરથી મૃદુ છે કે બહારથી મૃદુ અને અંદરથી કઠોર છે તે જ સમજાતું નથી. એમની કાર્ય કરવાની પદ્ધતિ નીરાળી છે. અર્જુનની જેમ કોઇને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત તો જ તેમને કાંઈક અંશે ઓળખી શકાય. અફસોસ એટલો જ કે અર્જુન કોઇ પાકયો નથી. એમને પોતાના ભક્તોનો ભરોસો નથી કારણ કે ભક્તોને એમનો ભરોસો નથી !" "મારી પાસે તો ઘણું છે, તમારી ત્રેવડ હોય તો લઈ લો. હું કાંઇ તમને પંગુ બનાવવા માંગતો નથી. ખોટી આશા ન રાખશો." એમ કહે છે એટલે મફતમાં બધું આત્મજ્ઞાન મેળવવાની ઈચ્છા રાખનારાઓની આશા ફળતી નથી.



મારી દૃષ્ટિએ તઓને જોઉં છું એટલેસ્તો બધી આફત છે. ના. મારે મારી દૃષ્ટિએ તેમને નથી જોવા. 'મા' ની દૃષ્ટિએ જોવા છે. તેમને તેમની દૃષ્ટિએ જ જોવા છે; અને તે જે દૃષ્ટિએ પૂ. મા ને અને જગતને જુએ છે તે દૃષ્ટિએ જોતાં શીખવું છે.

તા. ક. તેમના જન્મદિને શ્રી ઈશ્વર પેટલીકરે કહેલું, "અહીં કેમ આવી ચઢયો તે સમજાતું નથી, તે જ રીતે કેમ ભાગી નથી જતો તે પણ સમજાતું નથી." કયારેક મને પણ આવું જ થાય છે. અરે ! મેં તો પ્રયત્નો કરવામાં પણ કાંઈ બાકી નથી રાખ્યું (વાત જાહેર છે !) પણ અફસોસ ! તેઓ મારી અંદર પ્રવેશી ગયા છે. એટલે હું લાચાર છું. ખેર ભલે રહ્યા; હવે તો પ્રેમ થવા માંડયો છે.

સંત વિશ્વસાથે અસાધારણ એકતા અનુભવે છે.

*  *  *

અનધીકારીને શંકા થાય છે, અધિકારી ને નહીં.

# "ભક્ત પુરંદરદાસજી"

ઈશ્વરભાઈ મો. શાહ

પંઢરપુરની નજીક પુરંદરગઢ નામના એક શહેરમાં વરદાપ્ય નાયક નામના એક સમૃદ્ધ બ્રાહ્મણ રહેતા હતા. શાકે ૧૪૦૪ની લગભગ એક પુત્રનો જન્મ તેઓને ત્યાં થયો, જેનું નામ શ્રીનિવાસ નાયક રાખવામાં આવ્યું. પિતાના મૃત્યુ પછી શ્રીનિવાસ નાયક પિતાની અપાર સંપત્તિના માલિક થયા. તેઓ વેપારમાં ઘણા કુશળ હતા. વિજયનગર અને ગોલકુંડાના રાજ્યો સાથે હીરા, મોતી, માણેક વગેરેનો વેપાર કરીને સંપત્તિમાં ઘણો વધારો કર્યો. ધનની વૃદ્ધિની સાથે કંજુસાઇ પણ વધે છે અને ઉદારતા, દયા, ક્ષમા વગેરે સદ્ગુણોનો લોપ થાય છે કંજુસાઇ એટલી બધી વધી ગઇ કે કોઇને એક પૈસો પણ આપવો એટલે પ્રાણ આપવા બરાબર દુખદાયી થઇ પડતું.

કોઈ જીવના પૂર્વ જન્મના કર્મ કેવાં હશે તે તેના ચાલુ કર્મો ઉપરથી બીલકુલ અનુમાન કરી શકાતું નથી. ભગવાનની અહૈતુકી કૃપા કયારે થશે તે પણ જાણી શકાતું નથી. શ્રીનિવાસ નાયકને કંજુસાઇના કાદવમાંથી બહાર કાઢવા દયામય પરમાત્માએ એક ગરીબ બ્રાહ્મણનો વેશ લઇ, એક દિવસ પોતે ગરીબ બ્રાહ્મણ હોઈ પુત્રી લગ્ન કરવા લાયક થઇ છે માટે કંઈક મદદ કરવા શ્રીનિવાસને આજીજી કરવા લાગ્યા.

શ્રીનિવાસે આજ નહિ કાલે, એમ રોજ છ માસ સુધી પેલા બ્રાહ્મણને ધક્કા ખવડાવ્યા. છતાં બ્રાહ્મણે પીછો છોડયો



નહિ, એટલે કંટાળી, ગુસ્સે થઇ ઘસાયેલ પૈસાની બે કોથળીઓ બ્રાહ્મણ તરફ ફેંકી તેમાંથી ગમે તે એક પૈસો લઇ જતા રહેવા કહ્યું. થોડીક વાર બ્રાહ્મણ તેમને આશ્ચર્યથી જોઇ રહ્યા પછી કશું લીધા વગર ચાલ્યા ગયા.

બ્રાહ્મણ દેવતા શ્રીનિવાસને ઘેર ગયા. શ્રીનિવાસની ધર્મપત્નીને પોતાની ગરીબાઈની તથા નાયકે પોતાની સાથે જે જાતનો વ્યવહાર કર્યો હતો તે વાત કરી, મદદની વિનંતી કરી સ્ત્રી ઉદાર સ્વભાવની હતી. પતિના કૃપણ સ્વભાવથી તેણીને ઘણું દુઃખ થતું હતું. પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. સાધુ બ્રાહ્મણો તરફ હૃદયમાં ભક્તિ હતી. પરંતુ પતિદેવ એટલા બધા કંજુસ હતા કે પત્નીના હાથમાં એક પૈસો પણ રહેવા દેતા નહિ. એટલે તેણીએ બ્રાહ્મણદેવતાને પોતાના પિયરથી લાવેલ નાકની જડ 'શ્રીકૃષ્ણાપર્ણમસ્તુ' કહીને આપી.

બ્રાહ્મણદેવતા પાછા દુકાને ગયા અને નાકની જડ આપીને ચારસો મહોરની માગણી કરી. પોતાની પત્નીની નાકની જડને ઓળખીને પોતાની પત્ની ઉપર ઘણોજ ક્રોધ આવ્યો. જે બ્રાહ્મણને છ માસ ધક્કા ખવડાવીને કંઈ પણ આપ્યા સિવાય કાઢેલ તેને આવી મૂલ્યવાન વસ્તુ આપવી એ જેવી તેવી વાત ન હોતી. આવતી કાલે સો મહોર આપીશ એમ કહી બ્રાહ્મણદેવતાને વિદાય કરી તે જડ તિજોરીમાં મૂકી તિજોરી બંધ કરી, ચાવી લઇ સીધા ઘેર ગયા અને પોતાની સ્ત્રીને "સવારે પહેરેલી હતી તે નાકની જડ અત્યારે કયાં ગઇ ?" એમ પૂછવા લાગ્યા. પતિના ભયને લીધે તે અંદર છે એમ પત્નીના મુખમાંથી નીકળી ગયું. અને તે સીધી અંદર એકદમ જતી રહી. હવે આત્મહત્યા કર્યા સિવાય બીજો રસ્તો ન હતો. પ્યાલીમાં વિષ લઈ ભગવાનને પ્રાર્થના

કરવા લાગી. "દયામય, મેં તમારી પ્રસન્નતાને માટે બ્રાહ્મણ-દેવતાને નાકની જડ આપી. હવે જો તમે પ્રસન્ન થયા હો તો મારા પતિદેવની બુદ્ધિ શુદ્ધ કરો. તેઓ હવેથી સાધુ બ્રાહ્મણોનું સન્માન કરે તેઓને દાન આપે અને તમારૂં સ્મરણ કરે. મને મરણની બીક નથી. હું તમારા શ્રીચરણોમાં આવી રહુ છું." આ રીતે પ્રાર્થના કરીને જેવી વિષ પીવા જાય છે તેટલામાં તેમાં પેલી નાકની જડ આવીને પડી. બંધ રૂમમાં કેવી રીતે નાકની જડ આવી ? શ્રીનિવાસની પત્ની લક્ષ્મીબાઇની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં ! પ્રભુની કૃપા-નો સાક્ષાત્કાર થયો. પ્રભુને પ્રણામ કરી બહાર આવી પતિ-દેવના હાથમાં નાકની જડ આપી. જડ જોઈ પતિના આશ્ચર્યનું ઠેકાણું રહ્યું નહિ. એકદમ દુકાને ગયા તિજોરી બંધ જોઇ તે ખોલતાં તેમાં જડ નહોતી. આ ચમત્કાર જોઈ શ્રીનિવાસ-ના હૃદયને ભારે ધક્કો લાગ્યો. ઘેર આવી પત્નીને પૂછવા લાગ્યા, "લક્ષ્મી, ખરેખર સત્ય હકીકત શું છે ? તે બ્રાહ્મણ કોણ છે ? તે જડ તને પાછી કયાંથી મળી ? "

પતિદેવનો સ્વભાવ બદલાયેલો જોઇ, પત્નીએ સત્ય હકીકત કહી. બધી વાત સાંભળી શ્રીનિવાસની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં અને હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. " હે દયામય પ્રભુ ! આપે ગરીબ બ્રાહ્મણ બની મારા જેવા અધમ પાસે યાચના કરી અને મેં નીચે કંઇ પણ આપ્યું નહિ. મારા લોભ અને પાપ ઉપર જરાપણ ધ્યાન આપ્યા સિવાય મારી પત્નીના પ્રાણ બચાવ્યા. " પછી તેજ વખતે સ્નાન કરી પોતાની પત્ની સાથે ભગવાનની પૂજા કરી અને હાથમાં તુલસીપત્ર તથા પાણી લઇ પોતાની બધી જ સંપત્તિ ' શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ' કહીને ભગવાનના ચરણો ઉપર ભેટ કરી દીધી. ગરીબો–બ્રાહ્મણો વગેરેને બોલાવી બધું જ



ધન આપી દીધું. પોતાની પત્ની માટે પણ એક પણ પૈસો રહેવા દીધો નહિ. સાચા અપરિગ્રહી બની પંઢરપુર ગયા, ત્યાં ઘેરે ઘેર નામસંકીર્તન કરતાં કરતાં ફરતા અને જે મળતું તેનાથી કુટુંબનું ભરણપોષણ કરતા. ગરીબાઈને લીધે ઘણું દુઃખ સહન કરવું પડતું પરંતુ સંગ્રહ કરવાનું હંમેશ-ને માટે તેઓએ છોડી દીધું. બાર વર્ષ સુધી ત્યાં રહ્યા. યવનોનો ત્રાસ જ્યારે વધી ગયો ત્યારે ત્યાંથી વિજયનગર ગયા.

વિજયનગર નરેશ રાજરત્નોના વ્યાપારી શ્રીનિવાસ નાયકને સારી રીતે ઓળખતા હતા. શ્રીનિવાસને આ રૂપ-માં જોઈ રાજાને ઘણી નવાઇ લાગી અને તેમના ઉપર શ્રદ્ધા વધી. શ્રીનિવાસે રાજગુરુનું શરણું લીધું. સુયોગ્ય શિષ્ય જાણી, રાજગુરુએ વેદ, પુરાણ વગેરેનું અધ્યયન કરાવ્યું અને શ્રીનિવાસ નાયક નામ બદલી 'પુરંદર વિઠ્ઠલ' નામ ગુરુજીએ આપ્યું, આગળ જતાં તેજ 'પુરંદરદાસ' કહેવાયા.

પુરંદરદાસજીમાં એટલી બધી અગાધ ભગવત્ ભક્તિ હતી કે તેમના ગુરુદેવજાતે તેમના મહિમાનાં ગાન ગાતા હતા. ભિક્ષાન્ન ઉપર ભરણપોષણનો આધાર હતો. તેમનાં પત્ની લક્ષ્મીબાઇ પણ હંમેશાં પતિની સેવામાં તત્પર રહેતાં હતાં. પતિદેવ જે ભિક્ષા લાવે તેને સાફ કરી ભગવાનને ભોગ લગાવી અતિથિ અભ્યાગતોને તૃપ્ત કરી, પતિ તથા પુત્રોને ભોજન કરાવી બાકી રહે તેનાથી સંતોષ માનતાં. જે કંઇ બચતું તો બીજે દિવસ માટે ન રાખતાં તુંગભદ્રા નદીમાં જલચરોને આપવામાં આવતું. આજે પણ લોકો વ્યંગમાં ગરીબ ઘરોને દક્ષિણમાં પુરંદરદાસનું ઘર એમ કહે છે.

એક વખત પુરંદરદાસજી ભિક્ષા માગવા જ્યારે એક ઘેર ગયા ત્યારે તે સ્ત્રીએ ઘરનું બારણું બંધ કરી દીધું. એ જોઇ તેઓએ કહ્યું, "ભિક્ષુકને જોઇને જે ઘર બંધ કરી દે છે, તેઓ ઘરની અંદરના પાપને બહાર જતું રોકી દે છે." ગુરુ કૃપાથી તેમનામાં કવિત્વશકિત જાગૃત થઇ હતી. તેમના પદોમાં લોકશિક્ષા, વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન અને ભગવત્ ભકિતનો ગંભીરભાવ છે. તેઓએ લગભગ પોણાપાંચ લાખ શ્લોકો રચ્યા હતા, તેમાંથી ઘણા હાલ અપ્રાપ્ય છે.

લગભગ ચાલીસ વર્ષસુધી તેઓ તીર્થયાત્રા કરતા રહ્યા. એંસી વર્ષની ઉમ્મરે સં. ૧૫૬૨ માં ભગવત્ ધામ પધાર્યા. એક જગ્યાએ તેઓ કહે છે કે "બીજાની સંપત્તિ અને પરાયી સ્ત્રી શું અસ્પૃશ્ય નથી ? પરમેશ્વરની વિસ્મૃતિ શું અસ્પૃશ્ય નથી ? તેનો સ્પર્શ કરશો નહિ."

એવા વીતરાગ ભગવાનના પ્રિયજનને ધન્ય છે.

સંકલન : હિંદી કલ્યાણ માસિકના
ભકત ચરિતાંક માંથી

---

વૈરાગ્ય એટલે પરમાત્મા પ્રત્યે વિશેષ રાગ અને વિષયો પ્રત્યે વિતરાગ.

* * *

સ્વાતિ નક્ષત્ર રૂપી સતસંગ હોય, ગુરુકૃપા રૂપી વૃષ્ટિ થઇ હોય, માછલીએ તેને ગ્રહણ પણ કર્યું હોય મોતી ન બંધાય ત્યાં સુધીની ધીરજ સાધકની સાધનામાં હોવી જોઇએ.



## સૂરજ ઉગવાનો

આજે તો છે વાદળ-ઢાંકયો
પણ કાલે સૂરજ ઉગવાનો !
તમિસ્રનાં વ્યવધાનો ભેદી
પૂર્ણ પ્રકાશે પ્રકાશવાનો. આજે તો...

ભલે વહાવો ગંગા-જલમાં
બન્ધ પેટીએ સૂરજ સૂત,
નિર્યાત ઠેશે કુરૂક્ષેત્રમાં
પડકારે એ કુન્તા-પૂત
નરદમ જૂઠાણાંની રાશે
ફાંસીએ ઇશુ ચઢવાનો. આજે તો...

યુગયુગના વાલ્મિકી-વ્યાસો
રામાયણ-ભારત રચતા,
રાવણ-દુર્યોધન યુગયુગના
પ્રણાશ ને ઉત્પાત મચાવતા !
રામ-યુધિષ્ઠિર પ્રકાશ-પુંજે
અંધકાર ઘન હરવાનો. આજે તો...

સત્ય-પ્રભુનો ટોટો પીસી
અસત્ય-વરને ઉઘલાવો !
ધર્મ-ધજાનો ઠેઠ-ફજેતો
અધર્મ-મદથી બહેકાવો !
ક્ષણિકના મહિમામાં ક્ષણભર
મૂઢ મતિ મર મલકાઓ. આજે તો....

ડો. રણજીત એમ. પટેલ-'અનામી'

## બસ એ જ માગી લેશું

જો માગવાનું કહે તો, બસ એ જ માગી લેશું,
અળગા કરો ન અમને, એ પાય પડી કહેશું.

ભાંગી પડેલ આશા, હૃદયે ભરી નિરાશા,
હૈયાની હૂંફ આપો, બસ એ જ માગી લેશું.

નશ્વર આ જીવનમાંહી, અફળાઇ રહ્યા આંહી,
કર ઝાલી લ્યો અમારો, બસ એ જ માગી લેશું.

તલસાટ ખૂબ જાગ્યો, સથવાર મળ્યો માગ્યો,
ચિર દ્યો મિલન તમારું, બસ એ જ માગી લેશું.

તવ ભાનમાં જ રાચે, મનડાં અમારાં નાચે,
દ્યો દૃષ્ટિમાં જ દૃષ્ટિ, બસ એ જ માગી લેશું.

કમળાબેન ઠક્કર



# પંદરમી ઓગસ્ટ

ડૉ. ઘનશ્યામ દેસાઈ

## પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી

તા. ૧૫મી ઓગસ્ટે પ. પૂ. શ્રી યોગેશ્વર પ્રત્યે પોતાની શુભલાગણીઓ પ્રદર્શિત કરવા માટે બહારગામો તથા અમદાવાદના સાધક ભાઈબહેનો મોટી સંખ્યામાં એકત્રિત થયા.

આ નાનકડો સમારંભ પૂ. શ્રીના નવા આવાસ સકલ એપાર્ટમેન્ટ, નારણપુરા પોસ્ટઓફિસ સામે, યોજાયો હતો.

પ્રારંભમાં અમદાવાદના ટ્રસ્ટે પૂ. શ્રીનું તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું, તેમજ સાધક ભાઈબહેનોએ પુષ્પમાળાઓથી અભિવાદન કર્યું.

બહારગામથી આવેલ સાધકભાઈઓ વતી શ્રી નારાયણભાઈ જાની, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી ઈન્દ્રવદન શાહ, શ્રી શાંતિભાઈ કનેરિયા વગેરે એ પૂ. શ્રીને ઈશ્વર લાંબુ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ આપે ને તેમની દ્વારા દુનિયાના દુઃખી ને સંતપ્ત લોકોને વધુ ને વધુ શાંતિની સંપ્રાપ્તિ થાય, એવી શુભ કામના પ્રદર્શિત કરી હતી.

જાણીતા સાહિત્યકાર શ્રી ઈશ્વરભાઈ પેટલીકરે પૂ.શ્રીને લાંબુ આયુષ્ય ઈચ્છી કહ્યું હતું કે તેઓમાં મને પ. પૂ. મહાત્મા ગાંધીજીનાં સાદાઈ, સરલતા, દંભરહિતપણું ઈશ્વર-પ્રેમ ને વિચાર અને વ્યવહાર વચ્ચેની એકવાક્યતા જેવા

ગુણોનું દર્શન થાય છે, એ બધું મને ગમે છે એટલે હું એઓશ્રી પાસે આવું છું. પરંતુ એમની આધ્યાત્મિક અનુભૂતિઓ વિષે હું કંઈ કહી શકું નહિ, કારણ કે એ ક્ષેત્રમાં હજી મારો પ્રવેશ નથી.

પ. પૂ. શ્રી સર્વેશ્વરી માએ આ જન્મદિન પ્રસંગે પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને સુંદર અંજલિ આપી કહ્યું કે પૂ. માતાજીની મહાનતા તો જુઓ! પોતાના પુત્રમાંથી પુત્રભાવ ખેંચી લઇ, એમના પ્રત્યે એક મહાન સંતપુરુષ તરીકે નાનપણથી જ જોતાં. આવી મહાન માતાની કૂખે જ શ્રી યોગેશ્વરજી જેવા સંતપુરુષ જન્મે.

પૂ. માતાજી જયારે પૂ. શ્રી પાસે રહેતાં ત્યારે પોતે પણ રોજનીશી લખતાં એમાંથી પૂ. સર્વેશ્વરીમાએ ઉપરની ભાવનાની અભિવ્યક્તિવાળાં અવતરણો વાંચી સંભળાવ્યાં હતાં. પૂ. માતાજીની નોંધપોથીનું લખાણ, પોતે ખાસ ભણ્યાં ન હતાં છતાં, ખૂબ સુંદર સરલ અને ભાવપૂર્ણ ભાષામાં લખાયેલું હતું.

પ. પૂ શ્રી યોગેશ્વરજીએ સાધક ભાઇ બહેનોની શુભ લાગણીનો સ્વીકાર કરતાં કહ્યું હતું કે જન્મદિવસો તો અનેક આવે ને જાય છે. આ જન્મમાં જે જન્મ દિવસ છે, તે ગયા જન્મમાં મૃત્યુદિન હતો. સાચો જન્મ એજ કહેવાય કે જે પછી ફરી જન્મ ન લેવો પડે. છતાં પ્રભુની ઇચ્છા પ્રમાણે, લોકસંગ્રહ માટે, બીજાઓને પ્રેરણા અને પથપ્રદર્શન કરવા માટે ફરી પૃથ્વી પર આવવું પડે, તો પણ શો વાંધો!

વળી ઉપસ્થિત સાધક ભાઈબહેનોને કહ્યું કે મનુષ્યજીવનનું એક માત્ર ધ્યેય ઇશ્વર પ્રાપ્તિનું છે. આજે દુનિયાં-



માં કરોડો લોકો વસે છે, પણ તેઓમાંથી તમારા જેવા થોડાઓને ઇશ્વરના માર્ગ જવાની વૃત્તિ થઇ છે, તે બદલ અભિનંદન ઘટે છે.

તમે બધા પણ પોતાનું સાધન ભજન સારી રીતે વધારી, આત્માની અનુભૂતિની દિશામાં આગળ વધો, એ માટે અમારા આશીર્વાદ છે જ. માણસ તરીકે આપણે બીજાને ખપ આવીએ, કોઇનાંય દુઃખ દર્દ ઓછાં કરીએ, તો આપણું જીવ્યું સફળ.

શ્રી બાબુભાઈ વોરાએ કાર્યક્રમનું સંચાલન ને આભાર વિધિ કરી હતી.

પ્રાકૃતિક રમકડાઓથી સાધકે દૂર રહેવું જોઈએ. સાધકમાટે કેવળ આત્મપદાર્થની પ્રાપ્તિ જ ઇષ્ટ છે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦

# ભારતીય સંસ્કૃતિનો મર્મ

શ્રી યોગેશ્વરજી

[ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ તા. ૧૫-૮-૮૩ના રોજ સાંજે એચ. કે. કોલેજ, અમદાવાદમાં આપેલ પ્રવચનનો ટૂંક સાર અહીં સહુ સાધક ભાઇબહેનોની જાણ માટે રજુ કરીએ છીએ. —તંત્રી ]

સ્વામી શ્રી વિવેકાનંદને તેઓશ્રીના અમેરિકા અને યુરોપના પ્રવાસ દરમ્યાન પૂછવામાં આવતું કે પાશ્ચાત્ય અને ભારતીય સંસ્કૃતિ વચ્ચે મુખ્ય ફેર શો છે?

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્વામી વિવેકાનંદે કહ્યું કે મુખ્ય તફાવત એ છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિએ પ્રકૃતિના ક્ષેત્રમાં અનેક જાતની શોધો ને સંશોધનો કર્યાં છે, આ સંસ્કૃતિનો પાયો બહિર્મુખી છે, પરંતુ ભારતના ઋષિ મુનિઓએ પ્રકૃતિના ક્ષેત્ર કરતાં અંતર્મુખ થઇ, માનવ શરીરમાં રહેલ પરમ ચૈતન્ય અંગે શોધ કરી, જેમાંથી વેદો, ઉપનિષદો, પુરાણો વગેરે શાસ્ત્રો જન્મ્યાં છે. એમની પાસે સંપત્તિ ઓછી હતી, પણ એ બધા આત્મિક શાન્તિનો અનુભવ કરી ચૂક્યા હતા.

મહર્ષિ યાજ્ઞવલ્કયે પોતાની પત્ની મૈત્રેયીને પરા અને અપરા વિદ્યાઓનો ભેદ સમજાવતાં કહેલું કે જેનાથી અક્ષર અવિનાશી પરમાત્માની અનુભૂતિ થાય તે પરા વિદ્યા છે. तदक्षरं अधिगम्यते सा तु परा ।

એવી જ વાત આપણાં શાસ્ત્રોમાં નારદ અને સનત્કુમારોની આવે છે. મહર્ષિ નારદે બધીજ અપરા વિદ્યાઓમાં



નિપુણતા હાંસલ કરી હોવા છતાં, એમને શાન્તિ નહોતી. એટલે સનત્કુમારોએ એમને અધ્યાત્મ વિદ્યાનો ઉપદેશ આપ્યો ને કહ્યું કે જીવનમાં એનું આચરણ કરવાથી તમોને શાંતિની સંપ્રાપ્તિ થશે.

ભારતીય સંસ્કૃતિએ કેવળ પરા વિદ્યાનોજ આશ્રય લઈ તેનું ખેડાણ કર્યું હતું એમ નથી. પરંતુ ભૌતિક સમૃદ્ધિ ને સાધનોની સુવિધાઓના સંશોધન વડે પરા ને અપરા વિદ્યાઓનો સમન્વય સાધ્યો હતો. ભારતીય સંસ્કૃતિનો દૃષ્ટિકોણ હંમેશાં સમન્વયકારી રહ્યો છે.

કેવળ એકલી ભૌતિક સંસ્કૃતિ માણસને સમૃદ્ધ ને સાધન સંપન્ન કરશે, પરંતુ શાંતિ નહિ આપી શકે. સમૃદ્ધ થવું એ એક વાત છે ને શાંતિ પામવી એ બીજી વાત છે. આનું પ્રત્યક્ષ દર્શન આપણને આજે અમેરિકા, સ્વીડન, ફ્રાંસ, જર્મની વગેરે દેશોમાં થાય છે.

ભૌતિક સંશોધનોના પરિણામે માણસ ચંદ્ર કે મંગળ ઉપર ભલે પહોંચે, આકાશમાં ઉપગ્રહો દ્વારા અનેકાનેક ભલે શોધો કરે, પણ મુખ્ય વાત તો પૃથ્વી ઉપર સાચા માનવ બની સુસંવાદિત રીતે જીવવાની છે. તે શક્તિ અધ્યાત્મ વિદ્યા સિવાય પ્રાપ્ત થવાની નથી.

કોઇપણ સંસ્કૃતિને જીવવા માટે ત્રણ પરિબળો જોઇએ.

પહેલું સંસ્કૃતિના સંતો. આ સંતો વડેજ સંસ્કૃતિનો સંદેશ ફેલાતો રહે છે. એ માટે નવા નવા જ્યોતિર્ધરો આવતા રહેવા જોઇએ, તો સંસ્કૃતિના દીપમાં તેલસીંચન થતું રહે.

બીજું પરિબળ છે સદ્‌ગ્રંથો સંતો ન હોય ત્યારે પ્રજાને પ્રેરણા પૂરી પાડવાનું કાર્ય આ ગ્રંથો કરતા હોય છે. એટલે સંસ્કૃતિની ભાવનાને પોષક અને અનુરૂપ ગ્રંથો લખાતા રહે તે જરૂરી છે.

ત્રીજું પરિબળ છે સંસ્કૃતિની ભાવનાને ઝીલવાવાળો સમાજ. કોઇ પણ સંસ્કૃતિ ગમે તેટલી મહાન ભલેને હોય, પરંતુ એને ઝીલીને જીવનારો સમાજ ન હોય, તો એ સંસ્કૃતિ અલ્પજીવી બની રહેવાની

ભારતીય સંસ્કૃતિ હજારો ઝંઝાવાતો વચ્ચે પણ ટકી રહી તેનું મૂળ કારણ એના મોટા સંતો નથી, એના સર્વોત્તમ ગ્રંથો નથી, પરંતુ એ સંસ્કૃતિને ઝીલીને જીવનારો માનવ દૂર દૂર ગામડામાં જીવતો હતો, તે છે. કેવળ ગ્રંથોમાં કેદ થઇ રહેલી પરંતુ વાસ્તવિક જીવનથી વિચ્છેદ પામેલી સંસ્કૃતિ કદી ચિરંજીવી કે ચિરસ્થાયી બની શકતી નથી.

બીજું ભારતીય સંસ્કૃતિ ટકવાનું કારણ એ છે કે તેનો પાયો નીતિ ને સદાચાર પર નંખાયેલો છે. તે વિના કોઈ સંસ્કૃતિ જીવી શકે નહિ.

આજે કમભાગ્યે ભારતીયો અનેક મતમતાંતરોમાં વહેંચાઇ ગયેલા છે. તેઓ એમના સંકીર્ણ ધાર્મિક વાડાઓ ને માન્યતાઓમાંથી ઉપર ઉઠી ભારતીય તરીકે એક થઇ શકતા નથી; એ ઘણું કમનસીબ છે. એટલે આપણે ફરી એક વાર ભિન્નતામાં એકતા નિહાળી, પુરુષાર્થ વડે, આપણી સંસ્કૃતિનું પુનરગઠણ ચારિત્ર્ય, નીતિમત્તા ને સદાચાર ઉપર કર્યા સિવાય છૂટકો નથી. તે જ સંસ્કૃતિ શ્રેષ્ઠ છે જેના ઉત્તમ



આદર્શોનું પ્રતિબિંબ એના જનસાધારણ સમાજમાં હંમેશાં પડતું રહે. એથી આપણે આજથી સંકલ્પ કરીએ કે ભારતીય સંસ્કૃતિના શુદ્ધિ સાત્ત્વિકતા, પવિત્રતા ને માનવતાના આદર્શોને આપણા જીવનમાં આચરીશું અનાસક્ત બની જીવીશુ ને આત્મિક સાધના વડે પરમ શાંતિને પામીશું.

ભારતીય સંસ્કૃતિ એ માનવને વ્યવહારિક જીવનથી વિચ્છેદ કરવાનું શીખવતી નથી, પરંતુ એ જ્યાં હોય ત્યાં રહીને સારો બને, સારૂં કરે ને બીજાંઓને સુખી કરવાના શુભ સંકલ્પોનો અમલ કરે. તો પૃથ્વી સ્વર્ગ સમ બને, તેમાં શંકા નથી, ભારતીય સંસ્કૃતિનો મર્મ એ છે કે જ્યાં સુધી એના આદર્શોને ઝીલીને જીવનમાં આચરી બતાવનારા સંતો ને મહાત્માઓની પરંપરા ચાલુ છે તેમજ તેજ આદર્શો પ્રમાણે જીવનારો એક માણસ પણ જીવંત છે, ત્યાં સુધી એ સંસ્કૃત કદી મરવાની નથી એ લોકજીવનના પ્રવાહ સાથે એટલી બધી ઓતઃપ્રોત થઇ ગયેલી છે કે એના વિશેષ પ્રચાર વગર એ પાંગરતી જ રહી છે ને રહેશે. सर्वे भवन्तु सुखिनः । अस्तु

આ સમારંભનું પ્રમુખસ્થાન શ્રી ઇશ્વરભાઈ પટેલે અને અતિથિ વિશેષ પદ ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશ શ્રીબટુકભાઇ મહેતાએ સંભાળ્યું હતું. તેઓએ તથા પૂ. મા સર્વેશ્વરીએ પ્રારંભમાં પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

# પરદેશના પ્રેરણાત્મક પત્રો

સુરેશભાઇ પરીખ

ટોરેન્ટો

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના જન્મદિન નિમિત્તે કેનેડાના ટોરેન્ટો શહેરમાં વસતા પરમ સાધક શ્રી સુરેશ પરીખનો જે પત્ર આવેલો છે, તે અત્રે પ્રસિદ્ધ કરીએ છીએ. પત્રનું સંબોધન, તેની ભાષા, તેમાં વ્યક્ત થતાં શ્રદ્ધા ભક્તિ ને સમર્પણ કેવાં અદ્દભૂત છે; તેની પ્રતીતિ પત્ર વાંચવાથી થશે.

એવોજ ભાવપૂર્ણ બીજો પત્ર તેઓએ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને લખ્યો છે, તે પણ રજુ કરીએ છીએ.

પૂજ્યશ્રીએ તા. ૧૬–૮–૮૩ ના રોજ અમદાવાદ ખાતેની સત્સંગની બેઠકમાં આ પત્રનું વાંચન કરાવેલું. તે પહેલાં તેઓશ્રીએ કહેલું કે પરદેશોમાં પણ એવા કેટલાક ઉચ્ચ કોટિના આધ્યાત્મિક સંસ્કારોથી સંપન્ન આત્માઓ વસતા હોય છે, કે તેઓને પ્રથમ પરિચયે જ ખૂબ પ્રેમભાવ ને શ્રદ્ધા બંધાઈ જાય છે. શ્રી સુરેશભાઈ એવા જ સંત્સંગ-પ્રેમી આત્મા છે. તેઓ શ્રી રામકૃષ્ણ પરમહંસના અનન્ય ભક્ત છે, અપરણિત છે. આવા ચાતકની જેમ જાણે કે રાહ જોઈને બેઠેલા અધિકારી આત્માઓ માટે જ 'મા જગદંબા' અમને પરદેશ લઇ જતી હોય એમ લાગે છે.

પ. પૂ. મા સર્વેશ્વરી પ્રત્યે પણ તેઓ ખૂબ પૂજ્ય પવિત્ર ભક્તિભાવ ધરાવે છે, તે તેમના પત્રમાં પ્રતિબિંબિત થાય છે.

–તંત્રી ]



ૐશ્રી યોગેશ્વરાય નમઃ ।।
ૐશ્રી સર્વેશ્વરી માતાય નમઃ ।। ટોરન્ટો
ૐશ્રી યોગેશ્વરી યોગેશ્વરાય નમઃ ।। તા. ૪–૮–૮૩

મારા વહાલા પરમ પૂજ્ય પરમાત્મા શ્રી યોગેશ્વર ભગવાન આપના અતિ પ્રેમાળ અને સર્વતીર્થધામ સ્વરૂપ પવિત્ર ચરણ-કમળોમાં સદાયે રહેતો આપના દાસ સુરેશના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સ્વીકારશો.

આપણા પવિત્ર ભારત દેશની હર પ્રભાત એક મંગલ પ્રભાત જ હોય છે જે માનવજીવનમાં શાંતિ તેમજ ચેતનારૂપી પ્રાણ અર્પે છે. ભારતમાંની પવિત્ર ભૂમિ પર હજારો વર્ષોથી પરમકૃપાળુ પર-બ્રહ્મ પરમાત્મા સ્વયં જુદા જુદા સ્વરૂપોમાં પ્રકટ થઈ હંમેશાં લીલા કરતા રહે છે અને તેના કારણે જ ભારત ભૂમિની એક એક રજકણ અને એક એક પરમાણુ પવિત્ર પરમાત્મા સ્વરૂપ છે. ૧૫ મી ઓગસ્ટનો દિવસ સમગ્ર ભારત દેશ માટે ખૂબ જ યાદગાર અને ભાગ્યશાળી દિવસ છે. ખાસ કરીને આપણા ગુજરાત માટે તો ખૂબ જ ગૌરવવંતો તેમજ ધન્ય દિવસ છે, જ્યાં હે ભગવાન, હે પરમેશ્વર પરબ્રહ્મ સ્વરૂપ હે યોગેશ્વર પ્રભુ ! આપ માનવજીવનના કલ્યાણઅર્થે પ્રકટ થયા છો. આ પવિત્ર દિવસે આપણા ચાર-ચરણકમળોમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ-કરી એજ પ્રાર્થના કરું છું "હે પ્રભુ સર્વ પ્રાણીમાત્ર પર આપની કૃપાનો વરસાદ વરસા-વજો અને સર્વનું સર્વ પ્રકારે કલ્યાણ કરજો. અમારા જીવનને ધન્ય બનાવજો."

"આપને તો પ્રભુ હું શું ભેટ આપું ? આપ તો સમસ્ત સૃષ્ટિ અને બ્રહ્માંડના સ્વામી છો. છતાં પણ આપને હું મારો પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસરૂપી પુષ્પોની ભેટ અર્પણ કરું છું તેનો પ્રેમપૂર્વક સ્વીકાર કરજો એજ મારી પ્રાર્થના છે. પવિત્ર ભારતની

ભૂમિ પર ખૂબ જ લાંબા સમય સુધી રહો એ જ મારી પ્રાર્થના છે અને તે માટે મારૂં સમગ્ર આયુષ્ય આપને મલે જેથી આપની કૃપાનો વધુને વધુ લોકો અનુભવ કરી શકે અને વધુ ને વધુ લોકો કલ્યાણના માર્ગે આગળ વધી શકે."

"હે ભગવાન્, આપ તો સર્વગુણ સમ્પન્ન છો, ગુણોના ભંડાર છો. મા, સાક્ષાત્ સરસ્વતી અને સર્વ વેદો પણ આપના ગુણોના મહિમાનો પાર પામી શક્યા નથી. જ્યારે હું તો નાદાન, મૂર્ખ, અજ્ઞાની, સર્વદુર્ગુણો અવગુણોથી ભરેલો અને આ મોહમાયામાં ભૂલો પડેલો પામર જીવ આપના ગુણો અને મહિમાનો પાર કેવી રીતે પામી શકું ?"

"હે યોગેશ્વર પ્રભુ, આપના ચારૂ ચરણારવિંદોમાં વારંવાર કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરી એજ પ્રાર્થના કરું છું કે હે ભગવાન, સદાય મારા હૃદયરૂપી સિંહાસન પર બિરાજો, મારા મનમંદિરમાં બિરાજો, મારા અંત:કરણમાં બિરાજો અને મારામાં રહેલા આળસ, પાપ, અવિદ્યા અને નિદ્રાને નિર્મૂળ કરજો. મારા અપરાધોથી, મારા પાપોથી, મારા સર્વદુર્ગુણો અવગુણોથી મારી રક્ષા કરજો."

મારૂં મન, ચિત્ત, પ્રકૃતિ વગેરે સર્વસ્વ આપના ચરણકમળોમાં અર્પણ કર્યું છે અને મારો પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને વિશ્વાસ પ્રત્યેક ક્ષણે ક્ષણે આપનાં ચારૂ ચરણારવિંદોમાં વધુ ને વધુ દૃઢ થાય અને અવિચલ તેમજ અખંડ રહે એજ મારી પ્રાર્થના છે

હે યોગેશ્વર ભગવન્, આપના ચારૂચરણારવિંદોમાં વારંવાર કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરી એ જ પ્રાર્થના કરું છું કે હે ભગવન્ આપનો સદાય સર્વત્ર જય જયકાર હો.

લી.

આપના ચારૂચરણકમળોનાં રજકણોના દાસનો પણ દાસ

સુરેશના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.



ૐ શ્રી યોગેશ્વરાય નમઃ

ૐ શ્રી સર્વેશ્વરી માતાય નમઃ

ૐ શ્રી યોગેશ્વરી યોગેશ્વરાય નમઃ

મારાં વહાલાં પરમ પૂજ્ય જગદંબે સ્વરૂપ સર્વેશ્વરી મા, આપના પવિત્ર, શીતળ અને શાંતિધામ સ્વરૂપ ચારૂ ચરણકમળોમાં સદાયે રહેતો આપનો દાસ સુરેશના સાષ્ટાંગદંડવત પ્રણામ સ્વીકારશો. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી 'મા' આપનું સ્વાસ્થ્ય ઘણું જ સારૂં હશે અને સદાય સારૂં રહે એ જ મારી અંત:કરણપૂર્વક પ્રાર્થના છે. આપતો મા સદાય દિવ્ય દૈવી સ્વરૂપે છો પરંતુ આપના આ દિવ્ય દૈવી સ્વરૂપને આપની કૃપા વગર કોણ જાણી શકે? હું તો 'મા' આપનો બાળક છું, નાદાન છું, માટે મારી ભૂલચૂકો કે અપરાધોને ક્ષમા કરજો અને આપની કૃપાનો વરસાદ વરસાવજો.

૧૫મી ઓગસ્ટના ધન્ય દિવસે સર્વ ભક્તજનો ભેગા મળી મારા વહાલા પ્રભુ શ્રી યોગેશ્વર ભગવાનની પ્રકટ જયંતિ ખૂબ જ સારી રીતે ઉજવશે અને આ પ્રસંગે ભગવન્ પોતાના વરદ હસ્તથી સર્વેને આશિર્વાદ આપતા હશે તેમજ અમીદૃષ્ટિથી અનુગ્રહનો વરસાદ વરસાવતા હશે. ખરેખર એ દૃશ્ય કેટલું અનેરું અને સુંદર હશે ! ધન્ય છે ભક્તજનોને જે આ ઉત્સવ વખતે પ્રભુના સાનિધ્યનો આનંદ માણતા હશે.

અમે પણ અહિંયાં વડીલ શ્રી સુરેશભાઈ શાહને ઘેર ૧૪ મી ઓગસ્ટે બપોરે ભેગા થઈશુ અને પ્રભુના પ્રકટ દિનનો ઉત્સવ મનાવીશું અને પરમાત્માના સાનિધ્યનો આનંદ માનીશું. આ...હા કેટલો બધો આનંદ આવશે !

આપના ચરણારવિંદોમાં દંડવત્ પ્રણામ કરી ને એ જ પ્રાર્થના કરું છું 'મા' મને આશીર્વાદ આપજો કે મારૂં મન, ચિત્ત રોમેરોમ

ફક્ત પ્રભુભક્તિમાં, ધ્યાનચિંતનમાં જ સદાયે લીન રહે. એક ક્ષણ પણ પ્રભુભક્તિથી કે પ્રભુથી વિમુખ ના થઈ જાઉં. આ સિવાય મારે કંઈ પણ જોઇતું નથી. મારો પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસ પ્રત્યેક ક્ષણે ક્ષણે આપના ચારૂચરણકમળોમાં વધુ ને વધુ દૃઢ થાય, સતત રહે અવિચલ અને અખંડ રહે એજ મારી આપને પ્રાર્થના છે. 'મા' તેનો સ્વીકાર કરજો.

અહીંના સર્વભકતજનો પ્રભુના પ્રકટ દિન નિમિત્તે પરમ પૂજ્ય પરમાત્મા શ્રી યોગેશ્વર ભગવાનને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે. મનમાં જેવું આવ્યું તેવું ગાંડું ઘેલું લખાયું છે તો ક્ષમા કરજો-'મા' સર્વ શુભ પ્રાર્થનાઓ સહિત.

લી.

આપના ચારુચરણકમળોના રજકણના દાસનો પણ દાસ

સુરેશના સષ્ટાંગ દંડવત્ પ્રણામ.

———o———

ઉપાસના સર્વ સ્થળે, સર્વકાળે અને સર્ત્ર સ્થિતીમાં હોવી જોઇએ.

*

શ્રદ્ધા ભકિતથી સમન્વીત થઇને નામસ્મરણ કરવું જોઇએ.



# આત્મા-પરમાત્માની વ્યાપ્તિ

ડૉ. અશ્વિનભાઇ ડી. પટેલ

કહે છે કે અનાદ્યનંત અવકાશમાં અનેક બ્રહ્માણ્ડ કે સૂર્યમંડળ છે. અવકાશ અણુપરમાણુથી એવું ભરપૂર છે કે એ લવલેશ પણ ખાલી નથી. એકએક અણુ કે એનો સૂક્ષ્મતમ ભાગ (પરમાણુ) ચૈતન્યથી પરબ્રહ્મચૈતન્યથી—સભર છે. અવકાશનો જરાક જેટલો અંશ પણ ચેતનરહિત નથી. આ સર્વવ્યાપક, તેજોમય ચૈતન્ય તેજ પરબ્રહ્મ કે પરમ બ્રહ્મ, તેજ પરમ આત્મા કે પરમાત્મા. જેમ સૂર્યનાં અંશભૂત અંશુ (કિરણ) તેમ પરમાત્માના અંશભૂત આત્માઓ તે જ જીવાત્માઓ કે જીવો. યોનિદીઠ જીવાત્માનાં પ્રમાણ જુદાં જુદાં હોઈ શકે ? ગરુડપુરાણમાં માનવજીવાત્માનું પ્રમાણ अगुष्ठमात्रकम् (અંગુઠા જેવડું) એમ આપ્યું છે. પણ તેના ઋષિએ તે વ્યવહારુ વ્યાખ્યા કરી લાગે છે. માણસનું હૃદય તેની મૂઠી જેવડું હોય છે. એ મૂઠી અંગુઠાને આંગળીઓની અંદર મૂકીને વાળો, તો અંગુઠો એમાં સમાઈ જાય છે. આના ઉપરથી પ્રસ્તુત ઋષિએ જીવાત્માનું વ્યવહારુ પ્રમાણ જેનાતેના અંગુઠા જેવડું કલ્પ્યું લાગે છે. બાકી કોઈ પણ જીવાત્માનું પ્રમાણ ઉપનિષદોમાં ને બીજાં શાસ્ત્રોમાં કેશાન્તના (વાળના છેડાના) સોમા ભાગના યે જેવડું એટલે કે કેશાન્તના સહસ્રાંશ જેવડું ગણાવ્યું છે ઋષિઓના ત્રિકાલજ્ઞ મેધાન્વિત અનુભવનું આ જ્ઞાન છે જેને આજનું વિજ્ઞાન, પરમાણુનું પ્રમાણભાન પ્રયોગોદ્વારા કરાવીને, આપણને સમજાવે છે. શું જીવનો જીવાત્મા પરમાણુથી પણ નાનો હોઇ શકે ? જુદી જુદી યોનિનાં જીવજન્તુ, પશુપંખી, માનવીના જીવાત્મા

જુદા જુદા પ્રમાણના હશે ? હાથીમાં રહેલો જીવ, માણસમાં રહેલો જીવાત્મા કે નાનકડી કીડીમાં રહેલો જીવાત્મા એકસરખો નહિ હોય ? અને સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇ શકાય એવા કીટાણું કે જીવાણુના આત્મા એમનાથી નાના હશે ? પ્રમાણમાં આપણે બધાને એક સરખા માનીને ચાલીએ તો ઠીક રહેશે; કારણ માણસનો જીવ મરણ વખતે મોઢામાંથી નહિ તો આંખના ખૂણાના છિદ્રમાંથી કે પછી શરીરના રોમ (રૂંવાટી)ના કોઈ છિદ્રમાંથી પણ ચાલ્યો જાય છે. એ ચેતન ક્યાં થઇને ચાલ્યું જાય છે, આત્મારૂપી એ ચૈતન્ય ક્યાં થઇને ઉડી જાય છે તે કોઇને દેખાતું તો નથી જ, પણ તેની ગમ પણ આપણને પડતી નથી. આથી જીવનું માપ કે જીવાત્માનું પ્રમાણ પ્રાકૃત માણસને અગમ્ય રહ્યું છે. એ પ્રમાણ એને માટે કલ્પનાનો વિષય છે. સિદ્ધપુરુષો જીવાત્માને જતો જોઈ શકતા હશે. સામાન્ય માણસો નહિ. ચેતના ક્રિયાશીલ શરીરમાંથી ઉડી જવાની પ્રક્રિયાને આપણે નિધન કે મૃત્યુ કહીએ છીએ.

પરમાત્માનો અંશાત્મા એટલે કે જીવ એક યોનિમાં પ્રવેશે એનું નામ જન્મ. સક્રિય રીતે અનન્તગણા અણુપરમાણુનું બંધારણ જેને છે તેવા પંચ મહાભૂત તત્ત્વોથી બંધાયેલ શરીરમાં એ જીવાત્મા રમમાણ કરે છે. એના રમમાણ રહેવાની સમયમર્યાદા, તેનું નામ વ્યકિતગત જીવનું જીવન. પંચમહાભૂત તત્ત્વોમાંથી જેનું નિર્માણ થયેલું છે તેવા સ્નાયુઓ, માંસપેશીઓ અને તેના કોષો, લોહી, હાડ, ચામ, મજ્જાતંતુઓ અને જ્ઞાનતંતુઓ અને નસો-નાડીઓ વગેરે જ્યારે શરીરના ક્ષીણ થવાથી કે કોઈ રોગ યા અકસ્માતથી સાવ શ્રમિત થઈ જાય અને એના આખરી અંજામરૂપ આરામ મેળવવા



સાવ સ્તબ્ધ (પૂર્ણ નિષ્ક્રિય) બની જાય તેનું નામ મૃત્યુ કે જીવનનો અંત. એ વખતે જીવાત્મા શરીરના નવ દ્વારોમાંથી કોઈક દ્વારા પળ કે વિપળમાં ઉડી જાય છે અને દેહ કે કાયા **ચેતનરહિત** (મૃત) બની ક્ષણે ક્ષણે કહોવા માંડે છે. ચેતન જીવાત્મા ઉડી જતાં શરીરમાં કોઇ એવી રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે કે જેથી લોહીનું પાણી થઇ જાય છે, બધાં અંગોના કોશો વિભકત બની કહોવાણાને લીધે ગંધાવા માંડે છે. આથી આજુબાજુના વાતાવરણને ગંદું થતું રોકવા એ મૃત શરીરને બાળીને કે કબરમાં દાટીને કે મડદાલ માટી ખાનાર પશુપંખીને હવાલે કરીને તેનો નિકાલ કરવામાં આવે છે. ત્યારે પત્નીના મૃત શરીરને પતિ કે પતિના મૃત શરીરને પત્ની પણ સંઘરવા તૈયાર થતાં નથી. લૌકિક રીતે બીજા લોકો પણ એના નિકાલની ગતિવિધિ કરવા ઉતાવળ કરે છે. સંત કબીરના ભજનની પેલી પંક્તિઓ બહુ સચોટ રીતે આ વ્યવહારની નિર્ઘૃણતાને રજુ કરે છે.

"लिछुरत प्राण काया, अब काहे रोई हो ?
पाँच पचीस बराती आये, लैचल लैचल होई । -कबीर

મધ્યયુગના ગુજરાતી કવિઓએ પણ એવા અર્થના ઉદ્ગાર કાઢયા છે.

"દેહના સગા સકળ સ્વારથિયાં, અંતે અળગા રહેશે રે;
એક ઘડી ઘરમાં નહિ રાખે, કાઢો કાઢો કહેશે રે."-પ્રીતમ

મૃત્યુને લીધે વ્યાવહારિક રીતે એ સંબંધો, એના અનુસંધાનો, એના અનુબંધો પૂરા થાય છે. પેલો જીવાત્મા, એનું વ્યક્તિગત ચૈતન્ય અવકાશવ્યાપક ચેતનામાં ભળી જાય

છે; આત્મા પરમાત્મામાં એક રસ થઈ જાય છે; દેહાધ્યાસને લીધે પરબ્રહ્મથી જુદાગરો હતો તે ફીટી જાય છે. વ્યકિતના દેહનાં અણુપરમાણુઓનો રાસ અવકાશવ્યાપક અખંડ વિરાટ રાસમાં ભળી જાય છે કૃષ્ણગોપીના રાસની પૌરાણિક કલ્પના નિરર્થક નથી. એક અણુ એક પરમાણુ, એક અણુ એક પરમાણુ એમ જ એક કૃષ્ણ એક ગોપી, એક કૃષ્ણ એક ગોપી એમ બ્રહ્માણ્ડનો અખંડ રાસ સનાતન કાળથી શાશ્વત સમય સુધી ચાલ્યા જ કરે છે, ચાલ્યા જ કરવાનો છે. સર્વવ્યાપક ચૈતન્યના અંશભૂત ચેતના વ્યકિતગત પ્રાણીના જન્મમરણ વખતે આવાગમન કરતી એ રાસમાં જોડાય છે એમ કહીશું કે પછી એના જન્મમરણની પ્રક્રિયા પેલા અખંડ રાસનો જ એક નાનકડો આવર્ત છે? ખરેખર તો અણુ કે પરમાણુ ચેતનશીલ છે. અણુવિજ્ઞાન કહે છે કે અણુ કે પરમાણુનું વિભાજન કરવામાં આવે તો એમાંથી અનન્તગણી ગરમી, તેજ ઊર્જા, શકિત, ગતિ પેદા થાય છે. આત્મા ખરેખર તો ચૈતન્યભરપૂર અણુરૂપ છે, પરમાણુરૂપ છે. અણુપરમાણુ સૂક્ષ્મ છતાં સ્થૂળ છે, સ્પર્શ્ય છે, ગ્રાહ્ય છે; (જ્યારે આત્મા નથી.) અણુના ઉપર રાસાયણિક પ્રયોગ એના વિભાજન માટે કરી શકાય છે પણ એમાંથી પછી પેદા થતી શકિત અગ્રાહ્ય છે, અધૃષ્ય છે. આત્માની શકિત પણ અગાધ છે. પરમાત્માની જેમ એ પણ अणोरणीयान् महतो महीयान् । છે; અણુથી પણ સૂક્ષ્મતમ અને વિરાટથી પણ વિરાટ ! પરબ્રહ્મની જેમ એ પણ પૂર્ણ છે કારણ પૂર્ણમાંથી એ ઉદ્ભૂત છે. ઉપનિષદ્‌ની પરિભાષામાં એને પણ એ રીતે વર્ણવી શકાય :

ॐ पूर्णमदः पूर्णमिदम् पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥



આવા અગણિત આત્મા, અનન્ત જીવાત્માઓ જેમાં સમાઈ જાય તે પરમાત્માનું વિસ્તૃત અમિતરૂપ તે જ સર્વ-વ્યાપક ચૈતન્ય અને પરમાણુઓને જોડનાર અણુ કે અણુમાં વ્યાપકરૂપે રહેલાં પરમાણુઓનો એક વિરાટ રાસ સતત સર્વકાલાન્તરગત ચાલ્યા જ કરે છે; એ જ બ્રહ્માણ્ડનો રાસ.

કોઈને પ્રશ્ન થાય કે દેહમાં (આત્મા) દેહી હોય છે ત્યાં સુધી પંચમહાભૂતસ્થ અણુપરમાણુ સક્રિય કેમ લાગતા નથી; એમના ચેતનનો અનુભવ કેમ થતો નથી? અણુપરમાણુ તો સ્વયં ચેતના સભર છે તો તે નિષ્ક્રિય કેમ લાગે છે? એ નિષ્ક્રિય કે નિશ્ચેતન નથી. આત્માની ચેતનામાં જ એમની ચેતના રહેલી છે; પણ આત્માની નિશ્રામાં તેઓ Status-guo યથાતથા સ્થિતિ જાળવી રાખીને કાળ નિર્ગમે છે. આત્માની ચેતના એમને માટે અનુશાસનસમ છે. ચંદ્રની એક બાજુ પ્રકાશિત છે ને બીજી બાજુ અપ્રકાશિત તેના જેવું આ છે. આત્મારૂપી દેહનો સારથિ જ્યાં સુધી શરીરમાં હોય છે ત્યાં સુધી તેની ચેતના, તેનું શાસન શરીરરૂપી ક્ષેત્રમાં સક્રિય હોય છે. પેલા અણુપરમાણુઓની સ્થિત્યાત્મકતા એથી જ ચંદ્રની બીજી બાજુના જેવી કહી છે. અજરામર આત્મા ભલે સુક્ષ્મ, ને શ્લિક્ષ્ણ (નાનો) રહ્યો પણ તે महतो महीयान् પણ હોઈ, દેહનો ચક્રવર્તી શાસક છે. તેનું શાસન શરીરના બંધારણનાં બધાં અંગભૂત તત્ત્વો ઉપર જીવનરૂપે, તેજરૂપે, શકિતરૂપે, ઊર્જારૂપે, ગરમીરૂપે, ચેતનારૂપે ટૂંકમાં એક પરા સત્તારૂપે વ્યાપક રીતે દૃશ્યમાન છે. એનાથી જ બધાં સ્ફુરાયમાન, સક્રિય, જીવન્ત ગણાય છે. એ જીવાત્મા, એ આત્મા, એ બ્રહ્મભૂત ચેતના કે એ પરમાત્વ તત્ત્વ ઊડી જતાં બધાં નિશ્ચેતન,

નિષ્ક્રિય, નિષ્પ્રાણ, જડ, મૃત બની જાય છે. માંહ્યલોરામ ચાલ્યો ગયો એટલે અંદરનું આખું તંત્ર (Metabolism) બિલકુલ ઠપ્પ થઈ જાય છે. પરિણામે શરીર પંચમહાભૂત-તત્ત્વોનો નિસ્તેજ, ચેતનવિહીન ઢગલો જાણે કે એને પછી શબ કે મડદું કહે છે; જેને ઘરમાં ઘડીયે રાખી શકાતું નથી.

બ્રહ્માણ્ડમાં અણ્ડજ, ઉદ્ભિજ, સ્વેદજ અને પિણ્ડજ એમ ચાર પ્રકારના જીવો છે, પ્રાણીઓ છે. એ બધાંમાં એક સરખો જ આત્મા છે. એથી જીવનની એકતા સમજાય છે. "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ" એમ ગાનાર નરસિંહને ઈશાવાસ્ય ઉપનિષદ્ના મંત્રનું "ईशावस्यमिदं सर्वम्"નું દર્શન થયેલું. સર્વત્ર સર્વમાં ઈશનો આવાસ છે એ સમજાયેલું. તો પછી આપણે એમાંથી બોધ લઈ ભેદદૃષ્ટિ ટાળવી જોઈએ. સમત્વ, સમદર્શિતા આપણામાં કેમ નથી? સર્વભૂતસમભાવ કેમ આવતો નથી? મૃત્યુ જો અનંત જીવનમાં પ્રવેશવાની, સર્વવ્યાપક બ્રહ્મમાં ભળી જવાની, જેનામાંથી ઉદ્ભૂત આપણે થયા છીએ તેની સાથે સમ્મિલિત થઇ જવાની, સનાતન સાથે તાદાત્મ્ય સાધવાની એક ક્ષણ છે, એક પ્રક્રિયા છે તો તે મૃત્યુથી ડરવાનું શું? આ ભેદ, આ ડર બધો માયાને હિસાબે છે. અધ્યાત્મ ચિંતનથી, આધ્યાત્મિક ગુરુના માર્ગદર્શનથી, સત્સંગથી, ભકિતથી, માયાના આવરણને, દેહાધ્યાસના પડદાને હઠાવી શકાય; તો જ દૃષ્ટિ વિમલ થાય અને ભેદદૃષ્ટિ ટળતાં દ્વૈતભાવ નાશ પામે. તો જ પરબ્રહ્મની વ્યાપ્તિ (વ્યાપકતા) પણ સમજાય.



## ચલો ચરણ......

ચલો ચરણ હજી આઘે—
દૂર હજી ઘણું દૂર જહીં નિત વેણુ વ્હાલમની વાગે!
રહ્યો સકલને ગળી અહીં તો
વાસના કેરો અજગર :
સંશય પંખી કરે ઉડાઉડ
ચેન મળે નહિ પળભર!
એવા મુકામમાં મન મારું લગીર પણ ના લાગે!

પરખ ભલે ના પથની લેશે,
દિશાઓ અણજાણ
વગડો સૂનો સાવ ભલે પણ
બદ્ધ રહે કયમ પ્રાણ—
અંતર તમ ભેદાયું જ્યારે નિયતિને ગૂઢ રાગે?

રમતો રે' તે રામ રમે છે,
અગમ તણી ચાતુરી :
વિના શ્રવણ પણ સુણે સતતજે
માદક સ્વર માધુરી!
નિર્ઝરતા અમૃતના આશક ભોગ જરી તો માંગે!

ઈશ્વરભાઇ પ્ર. પટેલ

# મહાયોગી અરવિંદની અમરકૃતિ સાવિત્રી

આશા ત્રિવેદી

## ( ઋતંભરા પ્રજ્ઞા )

ક્ષુદ્ર મનની શક્તિઓનો જ્યાં અંત આવે છે, તે વધુ વિશાળ મનનો પ્રદેશ છે. અશ્વપતિનો આત્મા વિચાર દર્શનની પાર ચાલ્યો ગયો, કારણ કે વિચાર દ્વારા આત્માનો મહિમા કહી શકાતો નથી. આત્મા સનાતન છે. વિચાર પણ જેનો આધાર લઇને એક લોકને આકાર આપે છે, તેવા અલૌકિક પ્રદેશમાં રાજાનાં પગલાં પડવા માંડયાં. કલ્પનાથી અતીત શિખરો પર આદર્શ મનનો વૈભવ એણે જોયો. આપણા અલ્પ અસ્તિત્વનું મૂળ અહીં છે. આપણે જે બનવાનું છે, તે સર્વ ત્યાં ભર્યું છે. આ ભૂમિકાનું સામર્થ્ય મનુષ્ય અને પ્રભુ વચ્ચે રહેલી દૂરતાને તોડી નાખવાનો પ્રયત્ન કરે છે. અહીંનો પ્રકાશ મૃત્યુ અને અજ્ઞાન સામે યુદ્ધે ચડે છે. અને પ્રભુનું સત્ય પ્રાણવાન દેવનું રૂપ લે છે. અર્થાત્ આ અવસ્થામાં સાધક દેવત્વની નજીક આવી જાય છે. અહીંનું એક એક દૈવી બળ સૃષ્ટિ સર્જવાનો હક મેળવે છે. આ ભૂમિકાએ પહોંચતાં સાધકની શંકાઓ અને સ્ખલનો નાશ પામે છે. સત્ય સાથે સીધું અનુસંધાન થાય છે. અહીં દૃષ્ટિ અને વિચાર અચળ બની રહે છે. અહીં પુરાણોમાં વર્ણવેલા સત લોકની વાત કરી છે. અહીંના ઈશ્વરો આદર્શ ભાવનાથી સજેલાં હોય છે. આપણી ઝંખનાઓ, પરિશ્રમો અને પોકારો અહીં સુધી પહોંચવાં કઠણ છે. આપણા ચંચળ વિચારોને ત્યાં પ્રવેશ નથી. મર્ત્યની મલિનતા ત્યાં નથી. છતાંય આ



પ્રદેશ સાથે આપણો નજીકનો સંબંધ છે. ત્યાંની શક્તિનો પ્રભાવ આપણા કાર્યો પર પડે છે, અને ત્યાંની સહાયથી આપણાં અશકય કાર્યો સહજ બને છે, અને મૃત્યુથી પરનું બળ આપણાં હૃદયમાં પ્રગટે છે. પણ આપણા ક્ષુદ્ર સંકલ્પો આ દિવ્ય સત્ત્વોને આવવા દેતા નથી. કયારેક ધ્યાનાવસ્થામાં એ આપણી પાસે આવી જાય છે આવા મનોમય દેવોના આકાશમાં અશ્વપતિ ગયો. ત્યાં કર્મ જ્ઞાનની દોરવણી નીચે હતું, અને અફર સંકલ્પ ત્યાંનું જીવંત વિહરણ હતું. આ ભૂમિકાએ જતાં સાધકને કાળથી અતીત આનંદનો અનુભવ થાય છે. જ્ઞાનનો ધ્વનિ સંભળાય છે, અને અનંતતાનું વાતાવરણ દેખાય છે.

આ મનોમય કોશ પુરુષના આકારનો છે. ઉપનિષદ્કારે વેદોને મનોમય પુરુષનાં અંગો કહ્યાં છે, કારણ કે વેદ જાણવારૂપ પ્રથમ વૃત્તિ મનમાંથી થાય છે. જો કે વેદ ભણી લેવાથી આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર થતો નથી. અશ્વપતિ આગળ જાય છે. વણ જન્મ્યાં ઉંચાણ પર લઇ જતા વિચારોનો માર્ગ અહીંથી શરૂ થતો હતો. અહીં શ્રી અરવિંદ ઋતંભરા પ્રજ્ઞાની વાત કરે છે, કારણ કે અશ્વપતિ વિચારોની પાર ગયો છે. વિચારોની પાર ગયા પછીનું જે જ્ઞાન થાય તેને પાતંજલ યોગ સૂત્રમાં ઋતંભરા પ્રજ્ઞા તરીકે ઓળખાવ્યું છે.

निर्विचार वैशारद्येऽध्यात्म प्रसादः ॥ ૪૭

तत्र ऋतम्भरा प्रज्ञा ॥ ૪૮ (પાતંજલ યો. સૂ. ૪૭-૪૮)

નિર્વિચાર સમાધિની નિર્મળતા થવાથી ચિત્તમાં અધ્યાત્મ પ્રસાદ થાય છે. એ અધ્યાત્મિક શાંતિ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને “ ઋતંભરા પ્રજ્ઞા ” એટલે કે સત્યથી ભરપૂર જ્ઞાન કહે છે.

યોગીઓ કહે છે મનુષ્ય ઇન્દ્રિયજન્ય અનુભવ અને વિચાર શક્તિ--બંનેને ઓળંગી શકે છે. આ શક્તિ મનુષ્ય માત્રમાં રહેલી છે અને યોગ સાધનાથી જાગ્રત થાય છે. આ શકિતની મદદ વડે મનુષ્ય બુદ્ધિથી અગમ્ય સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે. આ ઋતંભરા પ્રજ્ઞા શિવનું ત્રીજું નેત્ર છે. તેને દિવ્યચક્ષુ પણ કહી શકાય. એ ભોમિયાનું કામ કરે છે. તેનાથી રક્ષિત સાધક સલામતીથી આગળ વધે છે. તે સાધકને ખોટે માર્ગે જવા દેતી નથી. વિરોધો સામે સફળતાપૂર્વક સામનો કરવાની શકિત આપે છે.

અશ્વપતિને વ્યવસ્થિત વિચારોનો ત્રિગુણ પ્રદેશ દેખાય છે એટલે કે નિર્વિચાર સમાધિ પ્રકૃતિની મર્યાદામાં રહીને થાય છે, એટલે તેમાં ત્રિગુણનો સ્પર્શ તો હોય છે, છતાં એની મહાન શકિત મર્ત્ય લોકને માટે અમૃતનો અગ્નિ લાવી આપે છે. સૃષ્ટિ પર કાર્ય કરી રહેલાં બળોમાંથી કોઈ એકે ય જગત પર પોતાનો હક ન જમાવી દે એવું નિયંત્રણ રાખે છે. નજીક જઈને જોઈએ તો તે દેવતા છે. રહસ્યમય સત્ય ધર્મના દૂતો છે. ભગવાનના બાળ સ્વરૂપના લીલા સહચર છે. એમના સૂક્ષ્મ વિચારો જ સ્થૂળ ઘટનાને લીલાયુકત બનાવે છે. આ દેવો પ્રજ્ઞાના આગળ પડતા સંતાનો છે. એમની લીલા બંધન રહિતને પોતાના સર્જનમાં બંદી બનાવે છે. અકલ્પ્ય રહસ્યોથી ભરેલી પરબ્રહ્મની ગતિને એણે તિથિના ચોકઠામાં અને ક્ષેત્રની મર્યાદામાં બાંધી દીધી છે.

આનાથી યે ઉપર વધુ મહાન દેવતાઓની ભૂમિ દેખાય છે. અહીં વિચારના પ્રકાશિત દેવતાઓની રમત ચાલતી હોય છે. તેઓ મનમાં રહે છે અને અંતરથી સત્યને જાણે છે, અગમ્ય તત્ત્વજ્ઞાન તેનો વિષય છે. પ્રભુના કાર્યનું અને



મનનું તેઓ ભાવિ દર્શન આપે છે. એના ઈશારે શાશ્વતી શકિતઓ ઊતરી આવે છે અને ગુપ્ત રહેલા દેવો પ્રગટ થાય છે. થોડામાં કહીએ તો કાળના પ્રવાહમાં જે કાંઈ સંભવ્યું છે તે સર્વથી એ જ્ઞાત છે. પણ એક માત્ર સત્ય એની પકડમાં આવતું નથી. ઘણુંય જાણવાથી તેઓ પૂર્ણને જાણી શકતા નથી. પરાત્પર એને માટે રહસ્ય છે.

ત્રિગુણમય પર્વતના ઉચ્ચ શિખરે જવાનું સાહસ કરનાર સાધક ચમકતા સોનાના પગથિયા પર પગ મૂકીને ઉંચે ચડે છે. અહીં વિચારો ગણ્યા ગાંઠ્યા જ હોય છે. એક મહાન શાસક શક્તિની સત્તા ત્યાં દર્શિત થાય છે. મન જાણ્યે અજાણ્યે પણ એક ઉચ્ચતર શકિતને સેવે છે. શ્રીઅરવિંદ કહે છે કે જેને આપણે દેવ કહીએ છીએ એ પાયાની પ્રથમ દૃષ્ટિ છે, જેણે વિશ્વના વમળોમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે. જે નિત્ય છે તે કાળના ક્રમે પ્રગટ થાય છે ને જીવ દ્રવ્ય દશામાંથી કોષાકારમાં રહેલું દેવસ્વરૂપ ઊઠીને અમૃત ભણી પગલાં ઉપાડે છે.

પણ બ્રહ્મ સ્વરૂપનું સત્ય વર્ણનથી અતીત છે. આત્માની દૃષ્ટિ જ એને પકડી શકે તેમ છે. અહંકાર અને મનનું અસ્તિત્ત્વ મટી જાય ત્યારે પરમાત્માના સત્યની બંસી સંભળાય છે. આપણા મનને માટે પ્રભુનું સત્ય પરાયા જેવું છે. છતાંય ઉચ્ચ આત્મા ઈશ્વરદત્ત બળના સહારે પૂર્ણ સત્યને પકડવાની હામ ભરે છે.

સર્ગના અંતમાં શ્રીઅરવિંદ સત્યની દેવીનું સ્વરૂપ કાવ્યાત્મક રીતે આપે છે. સત્યની દેવી વિચારના પ્રકાશિત દેવોની મહારાણી છે. આ સત્યની દેવી એટલે ઋતંભરા પ્રજ્ઞા શક્તિ. મનીષીઓના આનંદ માટે ઉપરોકત દેવોએ તેને શબ્દોની

ચમકતી જાળમાં રાખી છે. આ દેવી એટલે ઋતંભરા પ્રજ્ઞા મનુષ્યના શબ્દોને, કર્મોને પ્રેરે છે. માનવ પ્રગતિમાં એ સાથ આપે છે. આ દૈવી શકિતના સહારે મનુષ્ય પ્રકૃતિનો સ્વામી બને છે. પ્રભુ આ દેવીને સમર્થન આપે છે. એ પોતાના નિત્યના નિવાસેથી અહીં પૃથ્વી પર ઢળીને આવી છે. કોઇ એકાકી મનીષીના બોધત્ત્વના બંધ ઓરડામાં એણે રહેવાનું સ્વીકાર્યું છે, અને એને અનુરૂપ થવા પોતાની ઊંચાઇને નીચી બનાવી છે. વિચારોની નાનકડી કોઠીમાં આ દેવીએ પોતાના મહિમાને દાબી દાબીને ભર્યો છે. મનીષીઓના જીવનની એ દેવતા છે. આ સ્વર્ગીય પ્રિયતમાની અંદર મનીષીઓ લીન થઇ જાય છે.

મરણશીલ માનવ આટલાથી પોતાને ધન્ય માને છે, સત્યનો એકાદ અંશ મળે ત્યાં સઘળું મળ્યું માને છે. પણ વિચાર કે શબ્દ બેમાંથી એકે ય શાશ્વતીને પકડી શકશે નહિ, આથી આપણે દ્દષ્ટા બનવાનું છે. શુદ્ધ સત્યને અર્પણ થઇ જવાનું છે. સત્યના જે વ્યકત થયેલાં સ્વરૂપો છે, તેનાથી યે સત્ય કહી ન શકાય એટલું મહાન અને વિશાળ છે. મનુષ્યોએ એની અસંખ્ય મૂર્તિઓ ઘડી છે અને પ્રિય લાગે તેને પૂજે છે. મૂળમાં તો સત્ય અનંત અને અવિકારી છે.

પ્રાપ્ત થયેલ વસ્તુઓને પાછળ મૂકીને અશ્વપતિ નવું શોધવાની અભીપ્સા રાખતો આગળ જાય છે.



# પ્રશ્નોત્તરી

શ્રી યોગેશ્વરજી

પ્રશ્ન–ધ્યાનમાં ત્રાટક ઉપયોગી ખરું ?

ઉત્તરઃ–ધ્યાનમાં એક પ્રકારનું આંતરિક ત્રાટક થતું જ હોય છે. ત્રાટકમાં બહારના પદાર્થ કે બિંદુ પર મનને સ્થિર કરવામાં આવે છે. પ્રારંભના સાધકને ચિત્તની ચંચળતા ઓછી કરી, એક જ વિષય કે વસ્તુમાં ચિત્તને એકાગ્ર કરવામાં તે સહાયભૂત થાય છે. આમ છતાં તે ધ્યાન માટે અનિવાર્ય નથી. ધ્યાન પહેલાંની ધારણાની અવસ્થામાં પણ ચિત્તની એકાગ્રતા સધાય છે જ. પરંતુ ધારણા અને ત્રાટકમાં તફાવત એ છે કે ધારણા આંતરિક સાધનાત્મક એકાગ્રતાની અવસ્થા છે, જ્યારે ત્રાટક બહારના વિષય કે વસ્તુ પરની એકાગ્રતા સિદ્ધ કરવા માટે કરવામાં આવતું હોય છે. એનાથી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થાય તો પણ તે શકિતઓ આત્મિક સાધનામાં ખાસ ઉપયોગી કે આવશ્યક નથી; એમ હું માનું છું. છતાં જેને રસ હોય તે તેનો અભ્યાસ કરી શકે છે.

પ્રશ્નઃ–જપની પ્રક્રિયા સાધનાની પ્રગતિમાં વિશેષ ઉપયોગી ક્યારે થઇ શકે ?

ઉત્તર:–જપ જ્યારે સમજ ને ભાવપૂર્વક શાંતિથી કરવામાં આવે ત્યારે તે કરતાં એક પ્રકારનો આનંદ આવે છે; એવો આનંદ કેવળ સંખ્યા પૂરી કરવા માટે ઝડપથી કરાતા જપ વખતે નથી આવતો. વળી જે લોકો અમુક સંખ્યા પૂરી કરવાનો નિયમ રાખીને જપ કરતા હોય છે, તેમનું બધુંજ

ધ્યાન સંખ્યા પૂરી કરવા તરફ હોય છે. એટલે એમાં ઘણી વાર મણકાઓ એક બીજાને ઓવરટેક કરી જતા હોય છે.

જો જપ ધીરેથી કરવામાં આવતા હોય તો જપના મંત્રના શબ્દોના લયમાં મન લાગવા માંડે છે. તેનાથી એકાગ્રતા સાધવામાં મદદ મળે છે. એટલે જપ ધીરેથી કરવા. જપ કરતાં ઉતાવળ ન કરવી. સંખ્યા કરતાં અમુક સમય માટે જો કરવાનું રાખીએ તો એમાં ખોટી ઉતાવળ સંખ્યા પૂરી કરવા માટેની નહિ થાય. ધીરેથી પ્રેમ ને સંવાદિતાપૂર્વક કરાતા જપ ચિત્તને એકાગ્ર કરવામાં ખૂબ મદદરૂપ થાય છે.

જપ કેટલા થયા કે કેટલો વખત થયા તેના કરતાં, જપ કરતાં મન જેટલો વખત જપમાંજ રહ્યું તે મહત્વનું છે. એવા નિરીક્ષણપૂર્વક કરાતા જપ આત્મિક સાધનામાં અવશ્ય મદદરૂપ ને ઉપયોગી થાય છે.

પ્રશ્ન:-કેટલેક ઠેકાણે એવું કહેવામાં આવે છે કે એકવાર સિદ્ધ દશાએ પહોંચ્યા પછીયે જ્ઞાની અને યોગી કરતાં ભક્તનું પતન થવાનો સંભવ ઓછો રહે છે. તો શું આ સાચું છે?

ઉત્તર:-લોકો કે ગ્રંથો શું કહે છે તે ભૂલી જાઓ. તમે જ્ઞાની કોને કહો છો? જેનામાં આત્મા-અનાત્માનો વિવેક હોય, અનાત્મ પદાર્થો પ્રત્યેનો વૈરાગ્ય હોય, આ સાથે જેની મનની વૃત્તિ સદૈવ આત્મસ્થ હોય તેને જ્ઞાની કહેવાય. ઈશ્વરના અસ્તિત્વ વિષે જેને શ્રદ્ધા ને વિશ્વાસ હોય અને જે એનો પહેલાં પરોક્ષ નિર્ણય અને પછી અપરોક્ષ અનુભૂતિ કરી ચૂક્યો હોય, તે સાચો જ્ઞાની કહેવાય છે. ગીતાના ૧૩મા અધ્યાયમાં જ્ઞાનીનાં લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું છે.



अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिराजवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥

જ્ઞાનીનાં થોડાં લક્ષણો પણ જે સાચી રીતે ધરાવતો હોય, એવા જ્ઞાનીનું પતન થાય ખરૂં? કદી ન થાય.

તો હવે જે યોગી છે,-જેણે પોતાનું મન અને ઇંદ્રિયો જીતી લીધાં છે, અને જે પોતાનામાં રહેલ પરમ આત્મતત્વ-ને જોવા માટે ધ્યાન માર્ગે પ્રયત્નશીલ છે, તેનું પતન પણ શી રીતે થવાનું?

આથી ઉલટું, આજે તો ઘણા પોતાને ભક્ત કહેવડાનાર લોકો, જ્ઞાની કે યોગી કરતાં કંઇ ખોટે માર્ગ હોય એવું લાગે છે. તેઓ પણ જો ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ગીતાના બારમા અધ્યાયમાં ભક્તનાં જે લક્ષણો કહ્યાં છે, તેવાં લક્ષણો ને ગુણો ધરાવતા હોય તો તેમનું પતન ન થાય એ સમજ્યા. પરંતુ આજે થોડાં ભજનો રચતાં કે સારી રીતે ગાતાં આવડ્યાં, એટલે જીવનમાં બીજી કોઇપણ આધ્યાત્મિક લાયકાત ન ધરાવતા માણસો પણ પોતાને ભક્તોમાં ખપાવવા માંડ્યા છે. પરિણામે ભક્ત નરસિંહ મહેતા, મીરાંબાઈ, સંત તુકારામ કે એકનાથ મહારાજ જેવા પ્રાતઃસ્મરણીય ભક્તરાજોની પરંપરામાં ગોઠવાઇ જવા પ્રયત્નશીલ બને છે. પરંતુ એમની દશા ઘરેથી ચરવા ગયેલી ભેંસ રસ્તામાંજ ખાબોચિયું જોતાં પાણીમાં બેસી પડે એવી જણાય છે. એ પોતાનું ઈશ્વરપ્રાપ્તિનું ધ્યેય મૂકી, ધન, કીર્તિ કે અન્ય પ્રલોભનોનાં ખાબોચિયામાં ફસાઇ પોતાનું જીવન વેડફી નાખે છે. આમાં ભગવાન બિચારો પેલી ભેંસના માલિકની જેમ એની પાસે જઇ ખાબોચિયામાં પેસીને મારે તોયે તે ન ઊઠે. તો પછી એની

સદ્‌ગતિ તો થાય જ શી રીતે ?

કેટલીકવાર એવું પણ જોવામાં આવે છે કે આવી ઊંચી જ્ઞાન કે યોગની દશાએ પહોંચેલા મહાપુરુષો સંસારમાં પુનઃ પ્રવેશી ગૃહસ્થી બને છે. આમાં મોટેભાગે એમના પ્રારબ્ધ-યોગો કામ કરતા હોય છે. આમ છતાંય, આ માણસોનું પતન થયું છે એવું ન કહેવાય. આખરે તો માણસ કયાં રહે છે-ઘરમાં, મહેલમાં કે ગુફામાં એ મહત્ત્વનું નથી. પરંતુ એનું મન હરક્ષણે જો ઈશ્વર સાથે અનુસંધાન અનુભવતું હોય, તો તેને ઘર કે સ્ત્રી બાધક બનતાં નથી. આવા પુરુષો તો કો'ક વિરલાજ હોય, એ ખરૂં.

---

પદાર્થ પર નિર્ભર આનંદ અશાશ્વત છે. આત્મા પર નિર્ભર આનંદ શાશ્વત છે.

*

સંસારના અનિત્ય પદાર્થોની પ્રીતિ સુખ ઉપજાવતી નથી.



શ્રી રામકૃષ્ણ પરમહંસનાં

# સાધના વિષે મંતવ્યો

મુકત અનુવાદ : નારાયણ હ. જાની

રામકૃષ્ણ હવે જીવનના એ તબકકામાં પ્રવેશ્યા હતા કે જેને આધ્યાત્મિક પરિભાષામાં સાધના કહી શકાય. બધા જ મહાન ધાર્મિક ગુરૂઓ આવા તબકકામાંથી પસાર થયા હોય છેજ. પરંતુ ભગવાન બુદ્ધ અને ચૈતન્ય મહાપ્રભુ સિવાય, બીજાઓની આવી સાધનાની કોઇ વિગતે નોંધ કરાયેલી જોવા મળતી નથી. કદાચ એવું હોઈ શકે કે એમના પાછળના ભકતો—પોતાના ગુરુને કેવી કઠોર તપશ્ચર્યા, કેવાં પ્રલો-ભનો ને દુઃખો વેઠવાં પડયાં છે, તે દર્શાવવા માગતા ન હોય. એમની દૃષ્ટિમાં ઈશ્વરના અવતાર સમા મહાપુરુષોને શરીર-ધારી મનુષ્યની જેમ વર્તતા બતાવવા ઠીક નહિ હોય. આમ છતાં, આ સાચું વલણ નથી.

કેટલાક રૂઢિચુસ્ત હિંદુઓ એવું દૃષ્ટિબિંદુ ધરાવતા હોય છે કે અવતારી પુરુષને એની દિવ્યતાનું કાયમ ભાન હોય છે એથી તે જે કંઇ કરે તે એક પ્રકારની લીલા માત્ર છે. પરંતુ સ્વામી શારદાનંદ આ વાત સાથે સદંતર સંમત થતા નથી. તેમના મત પ્રમાણે ઈશ્વરી અવતારનાં દુઃખો અને મનુષ્યો-ચિત નબળાઇની ક્ષણો એ અભિનય માત્ર નથી. પરબ્રહ્મના સંપૂર્ણ જ્ઞાન સાથે દુનિયામાં જન્મ લીધા પછી પણ, તેઓ સામાન્ય માણસના જેવાંજ અજ્ઞાન અને નબળાઇઓ ધારણ કરે છે—એ માટે કે એમને ઓળંગી શકાય છે એવી શિક્ષા કે પ્રેરણા બીજાઓને આપી શકે.

આમ છતાં, સ્વામી શારદાનંદ કહે છે કે ઈશ્વરના અવતાર એમના જન્મથી જાગૃત હોય છે અને જાણતા પણ હોય છે કે તેઓ દુનિયાના બીજા સામાન્ય માણસો કરતાં જુદા છે. એમનું આ પ્રકારનું જ્ઞાન જેઓ અનેક પ્રકારની આશાઓના–લાલસાઓના પાશથી બંધાયેલા છે, તેમના પ્રત્યે તેઓને પ્રબળ કરૂણાથી ભરી દે છે. તેથી બીજાઓને પ્રેરણા ધરવા કે સહાય કરવા, અવતારી પુરુષો સાધના કરે છે.

આ સંબંધે એક સરસ ઉદાહરણ આપતાં શ્રી રામકૃષ્ણદેવ કહેતા : ત્રણ માણસો એકવાર ફરતા ફરતા એક ખેતરમાં ગયા. ખેતરની વચ્ચે આસપાસ ઊંચી દિવાલોવાળું એક સ્થાન હતું; જ્યાંથી સુંદર સંગીત અને વાજીંત્રોના સુમધુર સ્વરો સંભળાતા હતા. એ સાંભળીને ત્રણે ત્રણ જણને ભારે આકર્ષણ અને શું થઇ રહ્યું છે તે જાણવાની જીજ્ઞાસા થઈ. પરંતુ ફરતી દિવાલમાં ક્યાંય દરવાજો ન હતો. એ જોઈ શું કરવું એની વિમાસણમાં બધા પડ્યા. શોધખોળ કરતાં એક જણને સીડી હાથ લાગી ગઈ, એટલે તેના વડે તે દિવાલની ટોચ ઉપર ચઢ્યો, જ્યારે બીજા બે જણા નીચે ઊભા રહ્યા. હવે અંદરના ભાગમાં શું થઈ રહ્યું છે તે દિવાલ ઉપર ચઢેલા માણસે જોતાં જ તેને એકદમ આનંદ આનંદ થઇ ગયો. એ નીચે ઊભેલા બે જાણાઓને પોતે શું જોઇ રહ્યો છે એ કહેવાનુંય ભૂલી ગયો! છેવટે તે ખૂબ જોરથી હસ્યો ને દિવાલની અંદરના ભાગમાં કૂદી પડ્યો.

પેલા બે જણા આશ્ચર્યથી કહેવામાં માંડ્યા; "કેવો વિચિત્ર આપણો ભાઈબંધ! પોતે અંદર શું જોયું એ પણ આપણને કહ્યું નહિ! હવે આપણે જાતેજ જોવું પડશે કે અંદર શું થઈ રહ્યું છે."



આમ કહી બીજો માણસ પણ સીડીની મદદથી દિવાલના મથાળે ચઢ્યો, અને પહેલા માણસની જેમ, દિવાલ ઉપરથી જોતાં જ એય ખૂબ જોરથી હસ્યો ને અંદર કૂદી પડયો. હવે પેલા ત્રીજા માણસે શું કરવાનું! એ પણ સીડીની મદદથી દિવાલ ઉપર ચઢ્યો અને દિવાલની બીજી બાજુ શું છે તે તેણે જોયું. જે કોઈ આવે તેના માટે વિના મૂલ્યે જાણે કે આનંદનું બજાર જ હતું! એને પહેલાં તો એ વિચાર આવ્યો કે લાવને હું પણ કૂદી પડું અને આ આનંદોત્સવમાં જોડાઇ જાઉં. પરંતુ બીજી જ ક્ષણે એને વિચાર આવ્યો કે જો હું પણ ત્યાં જતો રહું તો બહાર રહેલા બીજા કોઇનેય શી રીતે ખબર પડવાની કે આવી સરસ આનંદની જગા અહીં અસ્તિત્વ ધરાવે છે! શું મારે પેલા બેની જેમ એકલપેટા થવું! એમ વિચારી એણે બળપૂર્વક પેલા આનંદપૂર્ણ દૃશ્ય પરથી પોતાની નજર હટાવી લીધી ને સીડી ઉતરી ગયો. તે પછી તેને જે કોઈ મળતું તેને એ કહેતો કે "ત્યાં સુખ ને આનંદનું બજાર છે. ચાલો મારી સાથે. આપણે સાથે મળી એનું સુખ માણીએ." એ રીતે બધાંને પોતાની સાથે લઇ ગયો અને સહુને એ પરમ સુખનો અનુભવ કરાવ્યો."

રામકૃષ્ણ વારંવાર કહેતા કે સાધના કરવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ્ય બધે જ સ્થળે અને બધાંમાં બ્રહ્મનું દર્શન કરવા શક્તિમાન થવું; એ છે. આખરે સાધના એ તો દેશ અને કાળથી પર વિશ્વસર્જનના સર્વવ્યાપક કારણને જાણવાનો પ્રયત્નમાત્ર છે. આપણે સામાન્ય મર્ત્ય માનવો કેવળ જીવોમાં રહેલી બાહ્ય ભિન્નતાને જ જોઈએ છીએ; જીવોમાં નિગૂઢ રહેલ સનાતન આત્મતત્ત્વને જોતા નથી. આપણામાં રહેલ

અજ્ઞાનને લીધે જ, જીવોની પારસ્પારિક એકતાને બદલે આપણે ભિન્નતા નિરખીએ છીએ. આપણામાં અજ્ઞાન એટલા માટે છે કે આપણે માયાના આવરણની અંદર છીએ. પરબ્રહ્મ પરમાત્માની શક્તિ વડે જ આ બાહ્ય દર્શનની માયાજાળ રચવામાં આવી છે. આ કંઇ કોઈ વ્યકિતની એકલાની ભ્રાંતિ નથી; પરંતુ માયાના પરિઘમાં આવી જતા સહુ કોઇ તેવો અનુભવ કરે છે. એટલે આપણા બધાનું બાહ્ય દર્શન લગભગ સરખું મળતું આવે છે. હું કહું કે મને ટેબલ દેખાય છે, તો તમને પણ ટેબલ દેખાશે. પરંતુ આપણું અજ્ઞાન ટેબલ-ના લાકડામાં વ્યાપી રહેલ બ્રહ્મનું દર્શન આપણને નહિ કરવા દે; કારણ કે ખરૂં જોતાં તો એક બ્રહ્મ સિવાય બીજા કશાનું અસ્તિત્વ જ દુનિયામાં નથી. આપણે બધાં માયાના આવ-રણ નીચે આવો અનુભવ કરીએ છીએ, છતાં આપણામાંનો કોઈ પણ વ્યકિતગત રીતે તેમાંથી છટકી જઇને આખરે મુક્તિ મેળવી શકે એમ છે. (શ્રીક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)

સદ્બુદ્ધિનો સૂર્યોદય થાયતો અનિત્યની આસકિત રહે નહીં.

*

ઇશ્વર વગર સાધકને મન, જીવનનું કોઇ મૂલ્ય નથી.



# પ્રકાશના પંથે

—યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ

ગંગોત્રીનું સ્થાન સુંદર છે. જમ્નોત્રીમાં જેમ જમનાજીનું મંદિર છે તેમ ગંગોત્રીમાં ગંગાજીનું મંદિર છે. ગમે તેવી સખત ઠંડીમાં પણ યાત્રીઓ ગંગામાં જ સ્નાન કરે છે. જમ્નોત્રીને કુદરતની કૃપાથી જે ગરમ પાણીના કુંડ મળ્યા છે તેનો અહીં અભાવ છે.

ગંગોત્રીમાં દેવદારનાં વૃક્ષો સારી સંખ્યામાં છે. ગંગા અહીં ભાગીરથી નામથી ઓળખાય છે. ગંગોત્રીથી પંદરેક માઈલ દૂર ગૌમુખ છે. ત્યાંથી ગંગાનો ઉગમ થાય છે તેમ કહેવાય છે. ગૌમુખ જવાનો માર્ગ ઘણો વિકટ છે; તેથી બહુ ઓછા લોકો તે માર્ગે જવાનું સાહસ કરે છે.

ગંગોત્રીમાં સ્વામી શ્રી કૃષ્ણાશ્રમને કેવી રીતે ભૂલાય ? પહેલાં તેઓ દંડી સંન્યાસીના રૂપમાં રહેતા પરંતુ પાછળથી તેમણે દંડ અને વસ્ત્રોનો ત્યાગ કરેલો. ગંગોત્રીની ભયંકર ઠંડીમાં પણ તદ્દન નગ્નાવસ્થામાં તેમણે કેટલાય શિયાળા પસાર કરેલા. ચંપકભાઈ અને માતાજીએ હજી તેમનું દર્શન નહોતું કર્યું એટલે અમે તેમનાં દર્શનનો પણ લાભ લીધો.

તે કુટિયાની બહાર પદ્માસનવાળીને શાંતિપૂર્વક બેઠેલા. તે વૈદિક કાળના મહાન તપસ્વી જેવા દેખાતા હતા. અમને

જોઇને તેમણે પ્રસન્નતા વ્યકત કરી. અમે એમની પાસે થોડો વખત બેસીને પાછા ફર્યા.

ગંગોત્રીથી કેદારનાથ જતાં વચ્ચે યાત્રીની ભયંકર કસોટી કરનારી પવાલીની ચઢાઈ આવે છે એ રસ્તે ત્રિયુગીનારાયણ થઇને ગૌરીકુંડ ને પછી કેદારનાથ જવાય છે. તે પહેલાં બુઢ્ઢા કેદારનું પણ દર્શન થાય છે.

કેદારનાથમાં શંકરભગવાનનું મંદિર અને મંદિરની આજુબાજુ બરફથી ઢંકાયેલા પર્વતો છે. કેદારનાથ ગામ સાવ નાનું છે. બાર હજાર ફૂટની ઊંચાઇ ઉપર હોવાથી અહીંની ઠંડી અસહ્ય છે. અહીં વહેતી મંદાકિની ગંગામાં સ્નાન કરવું તે તો એક મોટું તપ છે. યાંત્રીઓને એમની હૃદયગત શ્રદ્ધામાંથી જરૂરી સહનશકિત સાંપડી રહે છે.

કેદારનાથનું લિંગ અત્યંત વિશાળ છે. મંદિરમાં જઇને સહુ કોઇ પૂજા કરી શકે છે. અમે પણ પૂજાની વિધિ પૂરી કરી સંતોષ મેળવ્યો. ભગવાનને પૂજા કે સેવાની કયાં જરૂર છે ? તે તો માણસના પોતાના મંગલ માટે છે.

કેદારનાથમાં એક રાત રહીને અમે બદરીનાથની યાત્રા શરૂ કરી. બદરીનાથની યાત્રામાં ગુપ્તકાશી ને જોશીમઠ આવે છે. જોશીમઠમાં શંકરાચાર્યનો મઠ છે. રસ્તામાં ઠેરઠેર વેરાયેલા કુદરતી સૌંદર્યનો સ્વાદ લેતાં એક પુનિત પ્રભાતે અમે ઉત્તરાખંડના પ્રસિદ્ધ ધામ બદરીનાથમાં આવી પહોંચ્યા. 'બદરી વિશાલ કી જે' ને 'ગંગામાઈકી જે' ના ધ્વનિ વચ્ચે અમે બદરીનાથમાં પ્રવેશ કર્યો.

ભારતનાં ચાર મોટાં ધામોમાં બદરીનાથની પ્રસિદ્ધિ છે. ગામ ને બજાર પર્વતીય પ્રદેશના પ્રમાણમાં મોટું છે. નર



ને નારાયણ પર્વતની વચ્ચે વસેલું બદરીનાથ અત્યંત સુંદર દેખાય છે. ગામની એક બાજુએ અલકનંદા ગંગા વહેતી દેખાય છે. બીજી બાજુ બરફના પર્વતમાંથી પ્રગટ થતી ઋષિગંગા વહેતી દેખાય છે. બંને બેનો હિમપ્રદેશને છોડીને લાંબી યાત્રા માટે તૈયાર થતાં પહેલાં એકમેકને ભેટે છે. કુદરતે પોતાની શક્તિનો ચમત્કાર અહીં પણ બતાવ્યો છે. અલકનંદાને કિનારે ગરમ પાણીના સુંદર કુંડ છે. તેમાં સ્નાન કરીને પ્રવાસી, સ્ફૂર્તિ મેળવે છે ને પ્રવાસના કષ્ટને દૂર કરે છે.

બદરીનાથનું મંદિર ઘણું નાનું છે. મંદિરમાં નારાયણ ભગવાનથી મૂર્તિ છે. સો રૂપિયા જેટલી રકમ આપે તેના તરફથી પૂજા કરવામાં આવે છે ને તેને પૂજાવિધિનું દર્શન કરવાની છૂટ મળે છે. પૈસા આપે તેને ભગવાનનો ભોગ પણ આપવામાં આવે છે. ભોગમાં પણ ઉત્તમ, મધ્યમ એવા ભેદ છે. બદરીનાથ જેવા ઉત્તમ ધામમાં એ બધું જરાય સારું નથી લાગતું. સુધરેલી ભિક્ષાવૃત્તિનો એ પ્રકાર બદરીનાથના મંદિરને માટે શોભાસ્પદ નથી લાગતો. ધનને ખાસ મહત્ત્વ આપીને ભોગની વહેંચણી કરવાની ને ધનના બદલામાં પૂજાનો ખાસ હક્ક આપવાની પ્રથાનો વહેલામાં વહેલી તકે અંત આવવો જોઇએ. બદરીનાથમાં જ નહીં પણ દેશના જે જે મંદિરોમાં એ પદ્ધતિ પ્રચલિત હોય તે તે મંદિરોમાંથી તેને દૂર કરવી જોઇએ.

બદરીનાથના દર્શનથી અમને આનંદ થયો. એ દિવ્ય ધામમાં નર નારાયણઋષિ, મહર્ષિ વ્યાસ, દેવર્ષિ નારદ ને પાંડવોના મહાપ્રસ્થાનની સ્મૃતિ તાજી થઈ.

બદરીનાથમાં ત્રણેક દિવસ રોકાયાં તે દરમ્યાન અમે મહાત્મા બચ્ચીદાસની મુલાકાત લીધી. બચ્ચીદાસજી અલકનંદા ને ઋષિગંગાના સંગમ પાસે એક નાની કુટિયામાં રહેતા. તે પહેલાં દેવ પ્રયાગમાં રહેતા. એકવાર એક સિદ્ધ કોટિના સાચા સંત જેવા બંગાળી મહાત્માએ તેમને સાધનાની કોઈ વિધિ બતાવી અને બદરીનાથમાં જઈ તપ કરવાની આજ્ઞા કરી. તે પ્રમાણે પછી બચ્ચીદાસજી કાયમ બદરીનાથમાં જ રહેવા લાગ્યા. કહે છે કે સાધના કરતાં કરતાં તેઓ ખૂબ જ ઊંચી કોટિએ પહોંચી ગયેલા.

બદરીનાથમાં તે વખતે શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારીજી રહેતા. મંદિરની પાસેના મકાનમાં તેમનો ઉતારો હતો. તેમના દર્શનનો લાભ પણ સહેજે મળી ગયો. તેમણે લખેલા શ્રી ચૈતન્ય મહાપ્રભુના જીવનચરિત્ર શ્રી ચૈતન્ય ચરિતાવલિનો ગુજરાતી અનુવાદ મેં વાંચેલો ત્યારથી તેમની ચૈતન્યપ્રીતિને વિદ્વત્તા માટે મને માન થયેલું.

તે વખતે તેમની પાસે એક મોટી ઉંમરના બીજા મહાત્મા પણ આવતા. તે લાલ વસ્ત્રો પહેરતા ને ખૂબ જ ગંભીર ગતિથી ચાલતા. એમની આકૃતિ હનુમાન જેવી હતી. તેમને જોઈને ભક્તવીર શ્રી હનુમાનજી સાક્ષાત્ રીતે પ્રગટ થયા હોય તેવું લાગતું. તેમની પ્રણામ કરવાની પદ્ધતિ પણ વિલક્ષણ હતી. યોગનાં જુદાં જુદાં અજાણ્યાં આસનો કરતા હોય તેમ પ્રભુદત્તજીને જોઈને તે હાથ પગ ને મોઢું હલાવી ને વિવિધ અભિનય કરતા પ્રણામ કરતા ત્યારે જોનારા સ્તબ્ધ થઈ જતા. એ પ્રકારની પ્રણામ કરવાની પદ્ધતિ મારા આજ સુધીના જીવનમાં મેં ક્યાંય જોઈ નથી. એ ઓરડામાં પ્રવેશ કરતા એટલે પ્રભુદત્તજી હનુમાન સ્તુતિના સુપ્રસિદ્ધ



શ્લોકો બોલતા. બે હાથ જોડીને તેમનો સત્કાર કરતા. તે વખતે વિદ્વત્તાનો અને અનુરાગનો સંગમ થતો હોય તેમ લાગતું. એ મહાત્માની બેસવાની પદ્ધતિ પણ શ્રી હનુમાનના જેવી જ હતી. એ એક પગ ઊંચો રાખીને અર્ધ વજ્રાસનમાં જ બેસતા. મૌન રાખતા. બંને મહાત્મા પુરૂષો ભેગા મળતા ત્યારે પરસ્પર જે અપૂર્વ નમ્રતા ને પ્રેમ બતાવતા તેના પરથી તે બંનેની મહાનતાની પ્રતીતિ થતી.

બદરીનાથની યાત્રા એ રીતે ખૂબ જ યાદગાર બની ગઈ. એક ધન્ય દિવસે અમે તે દિવ્ય ભૂમિની વિદાય લીધી, મારો વિચાર તે ભૂમિમાં હજી વધારે રહેવાનો હતો, પણ હાલ પૂરતો તેને મુલતવી રાખવો પડયો. (ક્રમશઃ)

સર્વાવસ્થામાં ઈશ્વરને નમસ્કાર કરતા શીખો.

* * *

જીવનમાં ભક્તિની સાથે સાથે નમ્રતા અને સરળતાની સરવાણી ફૂટવી જોઈએ.

# સંતો સદાય ગંગા જેવા પરમ હિતકારી છે.

[ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના તા. ૧૫ ઓગસ્ટના રોજ જન્મદિન નિમિત્તે, મુંબઈના પ્રેમપુરી આધ્યાત્મ વિદ્યાભવનમાં આચાર્યશ્રી ભાગવતાનંદ સરસ્વતીએ, સંસ્કૃત ભાષામાં જે શુભાશીષાંજલિ પોતાના પ્રવચનના અંતભાગમાં આપી તેનો સંક્ષિપ્ત અનુવાદિત સારભાગ અત્રે આપવામાં આવ્યો છે. —તંત્રી ]

"આજે પૂજ્ય શ્રીયોગેશ્વર મહારાજનો જન્મ દિવસ છે. જન્મ અને મૃત્યુની પરિભાષા શ્રીમદ્ ભાગવત્‌માં આપવામાં આવી છે. તેનો ભાવ એવો છે કે વિષયની સાથે 'અહમ્'ના તાદાત્મને જન્મ કહે છે. આમ જુઓ તો આત્માનો તો કદી જન્મ થતો નથી, નથી મૃત્યુ થતું. જેવી રીતે વિકારરહિત, આકારરહિત 'હું" સવિકાર અને સાકાર શરીરમાં છે તેવી રીતે જ વિકારરહિત, આકારરહિત પરમ આત્મા સવિકાર, સાકાર, પ્રત્યક્ષરૂપે શરીરમાં (વ્યાપ્ત) ફેલાયેલા છે, તેજ પરમાત્મા જીવમાત્રમાં પરમ કરુણા ભાવથી ઉત્પન્ન થાય છે. જેવી રીતે હિમાલય સૂર્યના કિરણોથી પીગળીને ગંગારૂપે વહે છે, ને પોતાના દિવ્ય જળથી સૂકાં ખેતરોને હરિયાળાં કરે છે, અનેક લોકોની તીખી તરસને મીટાવે છે તથા પોતાના દર્શન માત્રથી પાપ અને તાપનો નાશ કરે છે. તેજ પ્રમાણે, તેજ સચ્ચિદાનંદ પરમાનંદ પરમાત્મા વિકારરહિત હોવા છતાં પણ જીવમાત્ર પર કરુણા કરીને પીગળે છે અને નામરૂપમાં પૂજ્ય શ્રીયોગેશ્વરજીની જેમજ મહાપુરુષરૂપે પ્રકટે છે. સંસ્કૃતમાં જળને જીવન કહેવામાં આવ્યું છે. ગંગાની જેમ આવા



મહાપુરુષોના જીવનદ્વારા પણ અસંખ્ય લોકો પાલિત, પોષિત તેમજ વિકસિત થાય છે, ભવાટવીમાં ભટકતા થાકેલાં અને હારેલાં મુસાફરોને માટે શીતળ શાંત પવન ઉપકારી બને છે. જેમ એક વૃક્ષ બીજાને માટે જીવે છે. પોતાના દરેક ભાગ મૂળ–પાંદડાં–ફળ–ફૂલ બધુંજ સમાજને અર્પણ કરીને જ બીજાને છાયા આપીને પ્રસન્ન થાય છે. તેમનું જીવન પરોપકારી થયું કહેવાય. સંત પુરુષોનું પણ એવું જ છે.

આ મહાપુરુષોનું જીવન પોતાને માટે જ નહીં, સમાજને માટે હોય છે, પોતાના પ્યાર, સેવા, પ્રેમ, કરણી. કથની, રહેણીકરણી મારફત અસંખ્ય લોકોના દુઃખનો નાશ કરે છે. જેવી રીતે ભૂલથી કૂવામાં પડેલી વ્યક્તિને બહાર કાઢવા તરવૈયો કૂવામાં જાય છે, અને તેને કૂવામાંથી બહાર કાઢીને પ્રસન્ન થાય છે. તેજ પ્રમાણે પોતાના કર્મ પ્રમાણે ભવરૂપી કૂવામાં પડેલા જીવોને તેમાંથી મુક્ત કરીને મહાપુરુષો પણ પ્રસન્ન થાય છે.

એજ પ્રમાણે ગંગાનો પવિત્ર પ્રવાહ, બધાની તરસ છીપાવે છે, તથા રમ્ય બગીચાનાં વૃક્ષો જેમ બધાંને છાંયો તેમજ ફળ આપે છે તેવુંજ મહાપુરુષોનું જીવન હોય છે. આજને માટે પૂ. શ્રી યોગેશ્વર મહારાજના સૌશિલ્ય, સૌહાર્દ સૌજન્ય, માધુર્ય અને ગાંભીર્ય ગુણોને આપણે અપનાવવા પ્રયત્ન કરીએ. તેઓશ્રી દ્વારા આપવામાં આવેલું જ્ઞાન, ભક્તિ કર્મ, યોગ, અને ઉપાસનના સિદ્ધાતો પર આપણે ચાલીએ. બધાંની અંદર આત્મા સ્વરૂપે તેઓશ્રી અત્યારે પણ બેઠેલા છે. તેમની પ્રસન્નતા હજી પણ આપણને બધાંને મળી શકે છે. આજ તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધા છે. આપણે બધાં આજે તેમણે ચીંધેલા માર્ગપર ચાલવાનું વ્રત લઈને હૃદયથી તેમને અપનાવીએ.

# ખેડુતકોમમાં જન્મેલા આત્મદર્શી સંત શ્રી રામજી મહાત્મા

જેસંગભાઈ હરિભાઇ

શ્રી રામજી ભગતને કુટુમ્બમાં એક પુત્ર હતો અને એક પુત્રી હતી. દીકરીનું નામ રૂપાંબાઇ અને દીકરાનું નામ હરિભાઇ હતું. રામજી ભગતની ચાલીસ વર્ષની ઉમ્મરે હરિભાઈનો જન્મ થયો તે વખતે તેમની મુખમુદ્રા પર ઉદાસીનતા દેખી સગા વહાલાંએ પૂછયું કે આજે તમારે ઘરે પુત્ર જન્મ થયો છે, તેથી તમારે તો મોટા આનંદનો દિવસ છે. તેને બદલે તમારા મોઢા પર ઉદાસીનતા કેમ દેખાય છે? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રી રામજી ભકતે જે શબ્દો કહ્યા તે પ્રત્યેક માનવે સમજવા જેવા છે.

તેઓશ્રીએ કહ્યું "જગતમાં અસંખ્ય જીવો જન્મે છે ને મરે છે. એમાં હર્ષ કે શોક કરવા જેવું કંઇ નથી. **સાચો જન્મ તો તેનો જ કહેવાય જેને ફરી જનમવું જ ન પડે."**

આ ઉત્તર સાંભળી સગાંવહાલાં વિચારમાં પડી ગયાં!

* * *

રામજી ભગતના વતન નજીક રહેતા પુંજીરામભાઇ શાસ્ત્રી શાળામાં શિક્ષક હતા. ભક્તરાજના પુત્ર હરિભાઇને તેઓ અભ્યાસ કરાવતા હતા. તેથી તેમની જોડે તેમને પરિચય થયો હતો. પુંજીરામભાઇને એક વખત વૈરાગ્યના આવેશમાં



સંસાર છોડી ચાલ્યા જવાની ઇચ્છા થઇ અને ભકતરાજ આગળ પોતાનો આ વિચાર દર્શાવ્યો. ત્યારે ભકતરાજે તેમને સમજાવ્યું કે આ પ્રમાણે ખોટા આવેશને આધીન થઈ નાસી જવાથી કાંઈ કલ્યાણ થશે નહિ. તમે નાસીને કયાં જશો? જ્યાં જશો ત્યાં તમારૂં મન તો સાથે જ આવશે. જ્યાં જશો ત્યાં ખાવા, પીવા અને પહેરવા તો જોઈશે જ. વળી રહેવા માટે સ્થાનની પણ જરૂર પડશે. માટે આવા ખોટા વિચારો છોડીને સંસારમાં રહી આત્મચિંતન કરો તો જલદીથી કલ્યાણ થઈ શકશે. ભગવાન કાંઇ જંગલમાં તમારી રાહ જોઇ બેઠા નથી. ભગવાન તો હૃદયમાં જ છે, જેઓ ગૃહસ્થાશ્રમની ફરજોથી કંટાળીને નાસી જાય છે તેઓ કાયર છે અને કાયરને કદી જ્ઞાન થતું નથી, માટે તમે સંસારમાં રહીને જ સાધના કરો."

આવો અમૂલ્ય ઉપદેશ સાંભળી પુંજીરામભાઇ શાસ્ત્રી તો સ્તબ્ધ જ થઈ ગયા! તેમણે સાધુ થવાના વિચાર છોડી દઇ સંસારમાં રહીને સાધના કરવા માંડી.

* * *

ગાંઠિયાલના સંત શ્રી જેસંગ બાવજી પોતાના અનુયાયીઓ તેમજ સત્સંગીઓને સમજાવતાં પોતાની ગામઠી મધુર ભાષામાં એક ઘટના કહે છે:–

રામજી ભગત અમારા ગુરૂ. કેવી અદ્ભૂત સહનશીલતા, ધીરજ ને ક્ષમાવૃત્તિ ધરાવતા, એવા ગુણો સાચા સત્સંગીમાં આવવા જોઇએ.

લક્ષ્મીપુરામાં ગુરુદેવ રહેતા. ખેતી કરતા ને આત્મચિંતનમાં પોતાનો મોટા ભાગનો સમય પસાર કરતા ખેતી હોવાથી એમને ઘેર ગાયો ને બળદો હતા.

એક વાર એવું બન્યું કે એમની ગાયો ગામના એક બીજા ખેડુતના ખેતરમાં પેસી ગઈ. ઢોર થોડું કંઇ સમજે છે ભાઈ ? એને થોડી ખબર પડે કે આ અમારૂં ખેતર નથી, બીજાનું છે ! આજે ઘણા માણસોય કયાં સમજે છે ! બીજાનું અણુહક્કનું લેવાની વૃત્તિ કરે એ બધા ઢોર જેવાજ.

ખેતરમાં ગાયોએ મકાઈ કે બાજરી ખાધી ને બગાડી હશે. વળી ગાયો તો ચકોર જાનવર એટલે ખેડુતને ઠીકઠીક પાછળ દોડાવ્યો હશે; ત્યાર પછીજ ખેતરમાંથી બહાર નીકળી હશે. એટલે પેલો ખેડુત ગાયો પાછળ દોડતો દોડતો ભગતના ઘર આગળ આવી પહોંચ્યો. એને ઘણો કાળ (ગુસ્સો) ચઢેલો. રામજી ભગતની આ ગાયો છે એની એને ખબર નહિ ને ભગતનો કોઈ ખાસ પરિચય પણ નહિ.

એણે તો હાથમાંની મોટી ડાંગ વડે ભગતના ઘરની ચોપાડનાં નળિયાં જોર જોરથી ફોડવા માંડ્યાં. ભગત ઘરમાં હતા, તે એકદમ બહાર દોડી આવ્યા. ખેડુતને ઘરની નાળો ભાંગતો જોઇ, એ જરાય નારાજ ના થયા, પણ ઘરમાથી વીંઝણો (હાથ પંખો) લઇ આવી પેલા ખેડુતની પાછળ જઈ, નાંખવા માંડ્યા. પેલો ખેડુત ગરમીમાં દોડવાથી પરસેવે રેબઝેબ થઇ ગયો હતો. ભગતને આમ પંખો નાંખતા જોઈ એ ઘડીભર ડઘાઇ ગયો ! ત્યાં તો ભગતે ઘરમાંથી ઠંડું પાણી મંગાવી લોટો એની સામે ધર્યો ! પેલાને તરસ તો લાગી હતી. એને ગુસ્સો હતો છતાં ઠંડું પાણી પી ગયો. પાણી પીતાંજ એના તનનો ને મનનો ઉકળાટ કંઇ ઓછો થયો. ભગતે ખૂબ પ્રેમપૂર્વક ખેડુતને કહ્યું 'ભાઈ, મારી ગાયો-એ તારૂં ઘણું નુકસાન કર્યું હશે. પણ ઢોરને થોડું જ્ઞાન છે ?– આમ છતાં હું તારો ઘણો આભાર માનું છું કે



ગાયોને ડબામાં પૂરવાને બદલે તું અહીં ઘરે લઈ આવ્યો. ડબે પૂરી હોત તો ગાયોને છોડાવવાના મારે ખરચવા પડત. તારાથી ગુસ્સામાં થોડી નાળો ફોડી નંખાઈ, કાંઇ વાંધો નહીં. હું નવી લાવી ગોઠવી દઇશ."

ભગતની આટલી બધી સહનશીલતા, ધીરજ ને ક્ષમાવૃત્તિ જોઇ પેલા ખેડુતને ભારે ભોંઠપ લાગી. એમની વાણીમાં કયાંય કડવાશ કે દુઃખ નહિ. ઉનાળાની ગરમીના તાપ કરતાં ભગતની ક્ષમાની ટાઢાશ ને વાણીની મીઠાશ એનાથી ન જીરવાણી. એણે ભગતના ઘરની ચોપાડના ખૂણે પડેલો ટોપલો ઉપાડી, કુંભારને ત્યાં ચાલવા માંડયું. એણે જેટલી નાળો (માટીનાં નળિયાં) ભાંગી હતી એટલી લઇ આવી, ભગતની ચોપાડનાં નેવાં ફરી માંડી આપ્યાં (ગોઠવી આપ્યાં) ત્યારેજ એને શાંતિ વળી.

ભગતે ખેડુતના ગુસ્સાની સામે ક્ષમા આચરતાં, પેલા ખેડુતને પોતાના ગુસ્સા બદલ ભારે શરમ ઉપજી. એટલુંજ નહિ, પરંતુ પોતાનાથી આવા સંત માણસને જે નુકસાન પહોંચાડાયું, તે ખરાબ કામ થયું એની લાજ પણ આવવા માંડી. એનો અંતર આત્મા ડંખવા માંડયો. એટલે એણે પોતાના મનની શાંતિ માટે, ભગતના ઘરની ફોડેલી નાળોને બદલે નવી લાવીને ગોઠવી આપી ત્યારેજ એને શાંતિ થઇ.

માણસનો પ્રેમમય વ્યવહાર કેવું પરિવર્તન બીજા માણસ-માં લાવી શકે, તે રામજી ભગતે આચરી બતાવ્યું એક સંતજ એવું કરી શકે.

# રામકથા

(ગતાંકથી ચાલુ)

શ્રીયોગેશ્વરજી

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

ઉર્મિલાએ અશોક વૃક્ષની શાખા તરફ જોઇને કહ્યું: 'મારા પ્રેમની ભિક્ષા શા માટે માગવી પડે? મારો પ્રેમતો સૌના પર છે જ.'

નિષ્કામ જરાક ઉત્તેજના પૂર્વક બોલ્યો: 'તારો પ્રેમ સૌના પર છે તે જાણું છું છતાં પણ હું તેની ભિક્ષા માગી રહ્યો છું, કારણકે હું તને મારી કરવા ચાહું છું. મારા અંતરની એજ આકાંક્ષા છે. એ આકાંક્ષાને પૂરી કરવાના વિચારો મને રાતદિવસ આવ્યા કરે છે. કોણ જાણે કેમ પણ મારું અંતર તને પોતાની કરવાની આકાંક્ષા સેવી રહ્યું છે.'

એવી આકાંક્ષા પૂરી થઈ શકે તેમ નથી. તારા પર મારો સ્નેહ તો જેવો છે તેવો જ રહેશે, પરંતુ હું એથી આગળ વધીને તારી નથી બની શકું તેમ.'

'કારણ?'

'કારણની ચર્ચામાં નહિ પડું. એવી ચર્ચા કરવા માટે હું નથી બંધાયેલી. પરંતુ મારું હૃદય તારા પ્રત્યે એવા પ્રેમભાવનો અથવા એવી લાગણીનો અનુભવ જ નથી કરતું તેમજ કરવાનુંયે નથી. હું તો તને ભાઇ માનું છું.' 'તુ મને ભાઇ માનતી હોય તે બરાબર છે. છતાં પણ આપણે કાંઈ સગાં ભાઇ બેન તો નથી જ. એટલે આપણો લગ્નસંબંધ થઇ શકે છે. એવો સંબંધ શાસ્ત્રીય જ ગણાય.'

'છતાં પણ મારું મન એને માટે નથી માનતું તેનું શું? અને મારા પિતાજીનું મન પણ કોઈએ સંજોગોમાં નહિ માને.'

'તું તૈયાર થતી હોય તો તારા પિતા મહારાજા જનકને તો હુ મારા પિતાની મારફત મનાવી લઇશ. મારા પિતા એમના પુરોહિત હોવાથી એમના વચનને એ નહિ ઉથાપી શકે.'



'નિષ્કામ, તું વધારે પડતી અને વ્યર્થ આશા રાખી રહ્યો છે.'

'આશા કદી વધારે પડતી કે વ્યર્થ નથી હોતી. એનું સેવન કરનારને એ આનંદ આપે છે અને કોઈકવાર પણ ફળે જ છે.'

'એવાં મિથ્યા દિવા સ્વપ્નોમાં રાચ્યા ન કરતો. તારી આશા કદી પણ નથી ફળવાની. એનું સેવન આજે તને સુખદાયક લાગતું હોય તો ભલે, પરંતુ આખરે દુઃખદાયક જ થઈ પડશે.'

નિષ્કામ થોડીવાર શાંત રહીને બોલ્યો: 'તું ભલે એવું માનતી હોય પરંતુ હું નથી માનતો. સીતાને ક્યાં ખબર હતી કે શંકરના પ્રતાપી ધનુષ્યનો ભંગ કરીને દશરથ પુત્ર રામ એના સ્વામી બનશે? છતાં પણ એણે રામની આશા રાખી અને એ આશા સફળ પણ થઈ. માનવ કદાચ બીજું બધું જ કરી શકે પરંતુ આશાનો પરિત્યાગ નથી કરી શકતો. અને આશાનો પરિત્યાગ કર્યા પછી એને માટે કદાચ જીવનનો કોઈ આનંદ શેષ જ નહિ રહે.'

"તો પણ આશાના સેવનમાં એણે વિવેક તો કરવો જ જોઈએ. એ જો આંધળિયાં કરીને આશા પર આશા રાખ્યા કરે તો એ વ્યવસાય એને માટે ભાગ્યે જ સુખદ બને. તારી મને મેળવવાની આશા પણ વિવેક વગરની અને કશાય આધાર સિવાયની છે. તું પાણીમાંથી દૂધ કાઢવાની ને રેતીમાંથી તેલ મેળવવાનો મનોરથ કરી રહ્યો છે. તારો એ મનોરથ માટીમાં મળવાનો છે. બ્રાહ્મણ અથવા પુરોહિતનો પુત્ર હોવા છતાં તને એ હકીકતની સમજ નથી પડતી."

'બ્રાહ્મણ અથવા પુરોહીતનો પુત્ર તને પ્રાપ્ત કરવાના આશા તો રાખી શકે છે એવી આશા રાખવાના અધિકારથી એને કોઈ જ વંચિત નથી કરી શકતું.'

'તો તું એવી નિરર્થક આશા રાખ્યા કર. તને કોઈ બીજું નહિ સમજાવી શકે તો છેવટે કાળ સમજાવશે.'

નિષ્કામ બોલ્યો: 'શંકરના કઠોર ધનુષ્યનો ભંગ રામ કરી શક્યા તેવી તારા લોચનની કઠોરતાનો ભંગ કરવામાં હું સફળ થઇશ

એવો મને તો વિશ્વાસ છે. મારી માંગણી તું મંજુર રાખે એવી ઇચ્છાથી આજે હું ખાસ આવ્યો છું. તેની પાછળ એક વિશેષ કારણ છે.'

'કયું કારણ?' ઉર્મિલાએ અન્ય મનસ્ક ભાવે પ્રશ્ન કર્યો.

'તને ખબર નહિ હોય પરંતુ આજનો દિવસ મારા જીવનનો વિશેષ દિવસ છે.'

'કેવી રીતે?'

'આજે મારો જન્મ દિવસ છે. તને યાદ હોય તો મારા ગયા જન્મ દિવસે મેં તારી આગળ મારા પ્રેમની અભિવ્યક્તિ કરેલી. ત્યારથી હું તને અવાર નવાર મળતો રહ્યો છું. પરંતુ મારા પ્રત્યેના વર્તનમાં ફેર નથી પડ્યો. એ ઉદાસીન નીરસ વર્તનનો ત્યાગ કરીને તું મારા પ્રેમની કદર કર તો મને શાંતિ થાય. મારા આજના પવિત્ર જન્મદિવસે મારે એજ માગવાનું છે. તું મને નિરાશ ના કર.'

'નિષ્કામ તું પુરોહિત પુત્ર છે ને કુળાચારની મર્યાદાને બરાબર જાણે છે. તારા જન્મ દિવસે તને આત્મિક અભિનંદન આપું છું. અને ઇચ્છુ છું કે તું ભળતા વિચારો ને ભાવોનો ત્યાગ કરીને તારા જીવનને પવિત્ર ને ઉજ્જવળ બનાવ. મનને નિરંકુશ રાખવાથી કોઈનું કલ્યાણ નથી થતું. એને થોડું ઘણું પણ અંકુશમાં રાખવું પડે છે.'

નિષ્કામ જરા ક્રોધે ભરાઇને બોલ્યો: 'હું પુરોહિત પુત્ર છું. એટલે કદાચ તું મને પસંદ નહિ કરતી હોય. તને કોઈ રાજા કે, રાજકુમાર સાથે લગ્ન કરવાની અને વૈભવી જીવન જીવવાની ઇચ્છા હશે.'

ઉર્મિલા એવી જ નિર્વિકાર રહીને બોલી: મને કોઇ રાજા કે રાજકુમાર સાથે લગ્ન કરવાની કે વૈભવી જીવન જીવવાની ઇચ્છા જરા પણ નથી. તેવી રીતે તારી ઇચ્છાની પૂર્તિ કરવાની ઇચ્છા પણ નથી થતી. નિષ્કામ તું ક્રોધ ના કરતાં પરંતુ આજના તારા જન્મ દિવસે મારે તને એજ કહેવાનું છે કે તું નામ પ્રમાણેના ગુણવાળો



બની જા. તારા મનની ક્ષુદ્ર કામનાને તિલાંજલિ આપીને સાચા અર્થમાં નિષ્કામ બન. તારી દૃષ્ટિ તથા વૃત્તિને વિશુદ્ધ કરીને મને બેન માનીને વ્યવહાર કર તો તને તરત શાંતિ મળશે. હું તારી પાસેથી એવા ઉત્તમ પવિત્ર અથવા આદર્શ વ્યવહારની જ આશા રાખું છું.'

'તું તો મને ઉપદેશ આપવા માંડી!'

'ઉપદેશ નહિ પણ સલાહ આપુ છું. તું શાંતિથી વિચારીશ તો સમજાશે કે મારી આ સલાહ તારે માનવા જેવી છે.'

'ઉર્મિલા, તું મારા કરતાં વધારે ડાહીતો નથી જ.'

'બરાબર છે. તું મારા કરતાં વધારે ડહાપણ ધરાવતી હોઈશ; છતાં પણ મોટી કરૂણતા એ છે કે એ ડહાપણને તું ભુલી ગયો છે અને અનુચિત પંથે પગલું ભરી રહ્યો છે, તું વિશેષ ડહાપણવાળો હોત તો આવી અમંગલ કામના તથા માગણી કરત જ નહિ. આ સંસ્કારો બ્રાહ્મણના અને ખાસ કરીને આદર્શ પુરોહિતના પુત્રના તો નથી જ.'

'બ્રાહ્મણ અથવા આદર્શ પુરોહિત પુત્ર પણ આખરે તો માનવ જ છે. એને પણ હૃદય હોય છે. અને એ હૃદયમાં ઉર્નિ, લાગણી અથવા સ્નેહનો ઉદય થાય છે એ તું ભૂલી જાય છે. એને પણ બીજા કોઈની પેઠે લગ્નનો અને એને માટેના મનપસંદ પાત્રની પસંદગીનો અધિકાર છે. એ અધિકારથી એને વંચિત ના કરી શકાય. પોતાનું મન જેનામાં લાગ્યું હોય તેની પાસે લગ્નની માગણી તો તે કરી જ શકે છે. એને લીધે એના સંસ્કારોમાં કશી જ હરકત નથી આવતી.'

ઉર્નિલાએ મીઠા સ્વરે કહ્યું: 'તારું કર્તવ્ય યુક્તિ સંગત અને યથાર્થ છે. પરંતુ એ માનવ જો સાચે સાચ સંસ્કારી હોય છે તો એનું વર્તન જુદું જ હોય છે. એને સામેથી ના કહેવામાં આવે અથવા એની માગણીનો કોઇ કારણે અસ્વીકાર કરવામાં આવે ત્યારે

એ ક્રોધે નથી ભરાતો કે દુરાગ્રહ પણ નથી કરતો. એ પોતાની માગણીના પરિણામને સહર્ષ સ્વીકારી લે છે.'

'એટલે તું મને આદર્શ નથી માનતી એમ ?'

'આદર્શ જીવન તો તારા પિતા શતાનંદનું છે. એ એક આદર્શ રાજપુરોહિત અથવા બ્રાહ્મણ છે. એમની આંખમાં તો શું પરંતુ એમના અંતરમાં પણ વિકાર નથી દેખાતો. એ ધર્મ અને નીતિના માર્ગનો ભૂલેચૂકે પણ ત્યાગ નથી કરતા. તારો વ્યવહાર એમની સ્મૃતિને સુવાસિત કરે તેવો હોવો જોઈએ. તારું જીવન એ પવિત્ર સત્પુરુષના ગૌરવને વધારે તેવું, નહિ તો ઘટાડે તેવું તો નાજ જોઈએ.'

'ઉર્મિલા હવે હદ થાય છે. મારી સીધી સાદી માગણીને મંજુર રાખવાને બદલે તું બીજી આડી વાતે ચઢી જાય છે. તું સંસ્કારની વાત કરે છે પરંતુ તારામાં પણ જો આદર્શ, ગુણ કે સંસ્કાર હોય તો તારે મને આવી રીતે અવગણવો ના જોઈએ. તારી સંસ્કારિતા મારી ભાવનાને સંતોષવામાં રહેલી છે.' (ક્રમશઃ)

## ગ્રાહકોને ખાસ વિનંતી

અધ્યાત્મનું ચોથું વર્ષ સપ્ટેમ્બર '૮૩માં પૂરૂં થાય છે. એથી ભારતના તેમજ પરદેશના ગ્રાહકોને તેમના લવાજમ વહેલાસર તંત્રીને મોકલી આપવા ખાસ વિનંતી છે.

સરનામુઃ–નારાયણ હ. જાની
પ્લોટ નં. ૧૬૮૮ B, સરદારનગર,
ભાવનગર, ૩૬૪૦૦૧.

તા. ક. લવાજમ ચેકથી ન મોકલવા ખાસ સૂચના.

## * સદ્‌ભાવભરી ભેટ *

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ મા શ્રી સર્વેશ્વરીના ભકતો ને પ્રશંસકો તરફથી અધ્યાત્મને ભેટ મળતી રહે છે. છેલ્લે મળેલ ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ–

રૂ. ૨૧ શ્રી અનસૂયાબેન ભટ્ટ તરફથી ભાઈ જ્યોતિર્ધરને નોકરી મળી તેની ખુશાલીમાં
રૂ. ૧૧ શ્રી રાજેન્દ્રભાઈ ભટ્ટ, વ્યારા
રૂ. ૧૫ શ્રી કિશનભાઈ કારિયા, મોરબી
રૂ. ૧૧ શ્રી જસમતભાઇ સવજીભાઈ ગોધાણી, મેતા ખંભાળિયા
રૂ. ૨૫ શ્રી પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર તરફથી પુત્ર દીપકની પરીક્ષામાં સફળતા અંગે
રૂ. ૫૧ શ્રી અજયભાઇ નારાયણ જાની તરફથી નોકરીના પ્રથમ પગારમાંથી
રૂ. ૩૧ શ્રી કાન્તાબેન બી. શાહ તરફથી ભરતકુમાર શાહના જન્મદિન નિમિત્તે
રૂ. ૨૫ શ્રી અમૃતલાલ ગણપતભાઈ પટેલ તરફથી પુત્ર કેતનભાઇની વર્ષગાંઠ નિમિત્તે

## * ખાસ સૂચના *

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનો નિવાસ અમદાવાદ ખાતે સકલ એપાર્ટમેન્ટ નારણપુરામાં હાલ છે. તે સરનામે પત્રવ્યવહાર ન કરવા અગાઉ સૂચના આપવામાં આવેલ. આમ છતાં કેટલાક સાધક ભાઇબહેનો ઉપરના સરનામે પત્રો લખે છે. તો તેમને તેવું ન કરવા વિનંતી છે.

અમદાવાદ ખાતે તેઓશ્રી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનું પત્રવ્યવહારનું સરનામું C/o. શ્રી બાબુભાઇ વોરા, ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા અમદાવાદ–૯ છે.

# જીવનનું મૂલ્ય

માણસો છેક સાધારણ, ક્ષુલ્લક ને પરિણામે જરાય ઉપયોગી ના થનારી નાનીનાની વાતોમાં એવા અટવાઈ જાય છે કે વાત નહિ. તેમની પાછળ પડી સોનેરી સમય ને શકિતની બરબાદી કરે છે. તે જો આપણને ભારે દુઃખ થાય છે. મોટા ભાગના પુરુ પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવામાં આવે તો તે તદ્દન લાદી ને જીવન કે આધ્યાત્મિક વિકાસમાં લેશપણ નહિ કરનારી લાગે છે. પોતાની પ્રવૃત્તિની શાંતિપૂર્વ પસંદગી બહુ ઓછી કરે છે ને એથી યે ઓછા પોષક થાય તેનું ધ્યાન રાખે છે. જીવનનું મૂલ્ય સમજે છે તેને માટે એ ટેવ બહુ સારી ના કહેવાય એવી રીતે ગફલતમાં રહે કે બેદરકાર બને તે ચ ના લેવાય. તેણે તો ખૂબજ સાવધાન રહેવું સમજુ બનવું જોઈએ, ને જીવનને ઉજ્જવળ કાર્યક્રમ ઘડી કાઢી આત્મિક ઉન્નતિને માટે બન જ કરી છૂટવું જોઇએ.

સાધના એવા જ સમજુ ને સાવધ પુરુષોની દંડી છે. એ પગદંડી પર પગલાં ભરીને માણસ આ સાધનાના સર્વોત્તમ શિખર પર આરૂઢ થઈ શકે

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડ બજા., ભાવનગર. ☎ ૨૮૧૭૨